


# નવસર્જન સંસ્કૃતિ

નવસર્જન સંસ્કૃતિ

PRGI No. GUJGUJ/2016/70752

PUBLISHED GUJARATI DAILY FROM AHMEDABAD

Volume : 10
Issue : 191
Dt.: 17-05-2026,
Sunday
Page:04
Rs.00.50 paisa


ગાઝામાં હમાસનો સૈન્ય પ્રમુખ ઠાર

## ઈઝરાયલ-લેબેનોન વચ્ચે ૪૫ દિવસ માટે યુદ્ધ વિરામ લંબાયું

### હિઝબુલ્લાહના પ્રભુત્વવાળા દક્ષિણ લેબનોન વિસ્તારમાં ઈઝરાયલી સૈનિકો અને ઈસ્લામી લડવૈયાઓ વચ્ચે સશસ્ત્ર સંઘર્ષ અને સૈન્ય કાર્યવાહી હજુ પણ અટકી નથી

(સંપૂર્ણ સમાચાર સેવા)જેરૂસલેમ

મિડલ ઈસ્ટમાં ચાલી રહેલા તણાવ વચ્ચે બે મોટા સમાચાર સામે આવ્યા છે. એક તરફ અમેરિકાની મધ્યસ્થીથી ઈઝરાયલ અને લેબેનોન વચ્ચેનો યુદ્ધવિરામ વધુ ૪૫ દિવસ માટે લંબાવવા પર સહમતિ સધાી છે. તો બીજી તરફ, ગાઝા મોરચે ઈઝરાયલી સૈન્યને મોટી સફળતા મળી છે. શુક્રવારે કરાયેલા એક હવાઈ હુમલામાં ઈઝરાયલે હમાસના લશ્કરી પાંખના વડા ઈઝ અલ-દિન અલ-હદ્દાદને ઠાર કર્યો છે.અહેવાલો અનુસાર, ઈઝરાયલી વાયુસેનાએ ગાઝા શહેરમાં એક ચોક્કસ બાતમીના આધારે ઓપરેશન પાર પાડ્યું હતું. ઈઝરાયલી ફાઈટર જેટ્સે ગાઝાના એક એપાર્ટમેન્ટ અને કારને નિશાન બનાવીને બોમ્બમારો કર્યો હતો. હદ્દાદ જે કારમાં સવાર હતો તેને સીધું નિશાન બનાવવામાં આવ્યું હતું. આ હુમલામાં હદ્દાદ સહિત ત્રણ લોકોના મોત નીપજ્યા છે અને અન્ય ૨૦ લોકો ઈજાગ્રસ્ત થયા હોવાના અહેવાલ છે.મે ૨૦૨૫માં મુહમ્મદ સિનવારની હત્યા થયા બાદ ઈઝ અલ-દિન અલ-હદ્દાદે હમાસની લશ્કરી પાંખની કમાન સંભાળી હતી. તે હમાસના સૌથી વરિષ્ઠ અને કટ્ટર કમાન્ડરોમાંનો એક હતો, જેણે સાતમી ઓક્ટોબર ૨૦૨૩ના રોજ ઈઝરાયલ પર થયેલા આતંકી હુમલામાં મુખ્ય અને સક્રિય ભૂમિકા ભજવી હતી.આ સફળતા બાદ ઈઝરાયલના વડાપ્રધાન બેન્જામિન નેતન્યાહૂએ સત્તાવાર નિવેદન આપતા જણાવ્યું હતું કે, 'હદ્દાદ અસંખ્ય ઈઝરાયલી નાગરિકોની હત્યામાં સીધો સામેલ હતો, અને આખરે તેને તેના પાપની સજા આપીને ખતમ કરી દેવામાં આવ્યો છે.'સોદાની મધ્યસ્થી કરી રહેલા યુએસ સ્ટેટ ડિપાર્ટમેન્ટ (અમેરિકાના વિદેશ મંત્રાલય)ના જણાવ્યા અનુસાર, ઈઝરાયલ અને લેબેનોન યુદ્ધવિરામની મુદતને વધુ ૪૫ દિવસ માટે લંબાવવા સંમત થયા છે. આ નિર્ણયથી સરહદી વિસ્તારોમાં રહેતા નાગરિકોને મોટી રાહત મળશે તેમ માનવામાં આવી રહ્યું છે.જોકે, અમેરિકાની મધ્યસ્થી હેઠળ જાહેર કરાયેલા આ યુદ્ધવિરામ છતાં જમીની હકીકત અલગ જોવા મળી રહી છે. લેબેનોનમાં ઈઝરાયલી સૈન્યના હુમલા ચાલુ રહ્યા છે. હિઝબુલ્લાહના પ્રભુત્વવાળા દક્ષિણ લેબનોન વિસ્તારમાં ઈઝરાયલી સૈનિકો અને ઈસ્લામી લડવૈયાઓ વચ્ચે સશસ્ત્ર સંઘર્ષ અને સૈન્ય કાર્યવાહી હજુ પણ અટકી નથી.રાજકીય વિશ્લેષકોના મતે, લેબેનોન સરહદે યુદ્ધવિરામ લંબાવાયો હોવા છતાં ગાઝામાં હમાસના ટોચના કમાન્ડરના મોતના પગલે આગામી દિવસોમાં ગાઝા પટ્ટીમાં હિંસા અને તણાવ વધુ ઉગ્ર બને તેવી પૂરેપૂરી સંભાવના છે.

બાલેન શાહ સરકારને મોટો ઝટકો

## ભારત વિરોધી આદેશ પર સ્થાનિક સુપ્રીમ કોર્ટની બ્રેક

### કોર્ટના નિર્ણયથી બોર્ડર પર બિનજરૂરી વિવાદો અટકશે અને નાના વેપારીઓ તેમજ સામાન્ય મુસાફરોને મોટી રાહત મળશે

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

ભારત-નેપાળ સરહદ પર દૈનિક ઉપયોગની વસ્તુઓ લાવવા-લઈ જવા અંગે બાલેન શાહ સરકાર દ્વારા લાદવામાં આવેલા કડક નિયમો પર નેપાળની સર્વોચ્ચ અદાલતે રોક લગાવી દીધી છે.



વાસ્તવમાં, સરકારના નવા નિયમ બાદ બોર્ડર પર કસ્ટમ ચોકીઓ પર એક અજીબોગરીબ અને તણાવપૂર્ણ સ્થિતિ સર્જાઈ હતી, જેના કારણે રોજિંદો સામાન લઈ જતા સામાન્ય લોકોને ભારે મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો હતો.ભારતથી નેપાળ જતા સામાન્ય લોકો પાસે રહેલા ચિપ્સના પેકેટ, બિસ્કિટ અને કેળા જેવી નાની-મોટી ચીજવસ્તુઓ પર પણ કસ્ટમ વિભાગ અને સુરક્ષાકર્મીઓ ભારે કડકાઈ દાખવી રહ્યા હતા. સરકારે માત્ર ¹ ૧૦૦ ની મામૂલી સીમા નક્કી કરી હોવાને કારણે બોર્ડર પર સામાન્ય નેપાળી નાગરિકો અને સુરક્ષાકર્મીઓ વચ્ચે અવારનવાર તીખી તકરાર અને વિવાદો જોવા મળતા હતા.બાલેન સરકારના આ મનસ્વી નિર્ણયને એડવોકેટ અમિતેશ પંડિત, આકાશ મહતો, સુયોગ્ય સિંહ અને બિક્રમ શાહ દ્વારા નેપાળની સર્વોચ્ચ અદાલતમાં રિટ પિટિશન દાખલ કરીને પડકારવામાં આવ્યો હતો. આ મામલે સુનાવણી કરતા ન્યાયાધીશ હરિ પ્રસાદ ફુયાલ અને ન્યાયાધીશ ટેક પ્રસાદ ઢુંગાનાની સંયુક્ત અદાલતે એક ઐતિહાસિક વચગાળાનો આદેશ જાહેર કર્યો છે.અદાલતે સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું છે કે, અર્થ મંત્રાલય અને સ્થાનિક વહીવટીતંત્ર દ્વારા દૈનિક ઉપયોગની વસ્તુઓ પર આ પ્રકારની કડકાઈ કરવી સંપૂર્ણપણે ખોટી છે. કોર્ટે આદેશ આપ્યો છે કે, "જ્યાં સુધી આ મામલે અદાલતનો અંતિમ ચુકાદો ન આવે, ત્યાં સુધી અર્થ મંત્રાલય અને કસ્ટમ વિભાગ સરહદ પર સામાન્ય લોકો પાસેથી કોઈ ટેક્સ વસૂલશે નહીં અને સરહદ પરની સ્થિતિ પહેલાની જેમ સામાન્ય રાખવામાં આવે." કોર્ટના આ નિર્ણયથી બોર્ડર પર બિનજરૂરી વિવાદો અટકશે અને નાના વેપારીઓ તેમજ સામાન્ય મુસાફરોને મોટી રાહત મળશે.

## 'જેને જવું હોય જાય, હું બળજબરી નહીં કરું' : ટીએમસીમાં બળવાના સંકેત વચ્ચે મમતાનું મોટું નિવેદન

### તાજેતરમાં સંપન્ન થયેલી બંગાળ વિધાનસભા ચૂંટણીમાં તૃણમૂલ કોંગ્રેસનો ગઢ સંપૂર્ણપણે ધરાશાયી થઈ ગયો છે

(સંપૂર્ણ સમાચાર સેવા)કોલકાતા

પશ્ચિમ બંગાળ વિધાનસભા ચૂંટણીમાં સત્તા ગુમાવ્યા બાદ અને વર્ષો પછી સૌથી મોટા રાજકીય ઝટકાનો સામનો કરી રહેલા તૃણમૂલ કોંગ્રેસ (TMC)ના સુપ્રીમો મમતા બેનરજી હવે સંગઠનને નવા સ્તરેથી બેઠું કરવાની કવાયતમાં લાગી ગયા છે. કોલકાતાના કાલીઘાટ સ્થિત પોતાના નિવાસસ્થાને મમતા બેનરજીએ ચૂંટણી લડનારા પક્ષના તમામ ઉમેદવારો સાથે એક મહત્ત્વની સમીક્ષા બેઠક યોજી હતી. આ બેઠકમાં પાર્ટીના રાષ્ટ્રીય મહાસચિવ અભિષેક બેનરજી પણ હાજર રહ્યા હતા. હાર બાદ પાર્ટીમાં ચાલી રહેલા આંતરિક વિખવાદ અને નેતાઓના પક્ષપલટાની અટકળો વચ્ચે મમતા બેનરજીએ સ્પષ્ટ કરી દીધું છે કે જેઓ પાર્ટી છોડવા માંગે છે, તેઓ જવા માટે સંપૂર્ણ આઝાદ છે.પાર્ટીના સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ, બેઠકમાં મમતા બેનરજીએ નેતાઓના પક્ષપલટાના અહેવાલો પર ખુલ્લીને વાત કરી હતી. તેમણે જણાવ્યું હતું કે, 'જે લોકો બીજી પાર્ટીઓમાં જઈ રહ્યા છે, તેમને જવા દો. હું સંગઠનને ફરીથી નવેસરથી ઊભું કરીશ. જે લોકો મારી સાથે રહી રહ્યા છે, તેમને મારી વિનંતી છે કે જે પણ પાર્ટી ઑફિસને નુકસાન થયું છે તેને ફરીથી સરખી કરો, તેના પર રંગ-રોગાન કરો અને તેને ફરીથી શરૂ કરો. જો જરૂર પડશે તો હું પોતે પણ એ ઑફિસને પેઈન્ટ કરીશ, પરંતુ તૃણમૂલ કોંગ્રેસ ક્યારેય ઝૂકશે નહીં.' આ અગાઉ 5 મેના રોજ ચૂંટણી પરિણામોના બીજા દિવસે પણ તેમણે આ જ વાતનું પુનરાવર્તન કર્યું હતું કે તેઓ કોઈને પણ પાર્ટીમાં જબરદસ્તીથી રોકી રાખવામાં વિશ્વાસ નથી ધરાવતા.ટીએમસીએ સોશિયલ મીડિયા પર આક્રોશ વ્યક્ત કર્યો શનિવારની આ સમીક્ષા બેઠક બાદ ટીએમસીના સત્તાવાર સોશિયલ મીડિયા હેન્ડલ 'X'પર નેતાઓની તસવીરો શેર કરવામાં આવી હતી. આ પોસ્ટમાં લખવામાં આવ્યું કે, 'આજે અમારા માનનીય ચેરપર્સન મમતા બેનરજી અને રાષ્ટ્રીય મહાસચિવ અભિષેક બેનરજીએ કાલીઘાટ ખાતે તમામ ઉમેદવારો સાથે મુલાકાત કરી છે. આ એવા નેતાઓ છે જેમણે અકલ્પનીય અત્યાચારો અને સતત મળતી ધમકીઓ છતાં અદભુત હિંમત સાથે ચૂંટણી લડી છે. તૃણમૂલ કોંગ્રેસ એક પરિવારની જેમ એકજૂથ થઈને ઊભી છે. જેમણે જનતાનો જનાદેશ લૂંટ્યો છે, તેમની સામે અમે ક્યારેય નહીં ઝૂકીએ અને અંતે જીત હંમેશા સત્યની જ થશે.'તાજેતરમાં સંપન્ન થયેલી બંગાળ વિધાનસભા ચૂંટણીમાં તૃણમૂલ કોંગ્રેસનો ગઢ સંપૂર્ણપણે ધરાશાયી થઈ ગયો છે અને પાર્ટી સત્તા પરથી સીધી વિપક્ષની બેંચ પર આવી ગઈ છે. રાજ્યની કુલ 294 વિધાનસભા બેઠકોમાંથી ટીએમસી માત્ર 80 બેઠકો પર જ સમેટાઈ ગઈ છે. પાર્ટીએ 291 બેઠકો પર પોતાના ઉમેદવારો ઊભા રાખ્યા હતા, જ્યારે 3 બેઠકો તેના સહયોગી પક્ષ બીજીપીએમ ને આપી હતી. ચૂંટણી લડનારા 291 ઉમેદવારોમાંથી 211 ઉમેદવારો પોતાની બેઠક હારી ગયા છે, જેમાં મમતા સરકારના કેટલાય દિગ્ગજ નેતાઓ અને મંત્રીઓ સામેલ છે.

CERT-Inની મોટી ચેતવણી

## આઈફોન, આઈપેડ અને મેક યુઝર્સ સાવધાન ડિવાઈસ પર સાયબર હુમલાનો ખતરો

### એજન્સીએ યુઝર્સને Safari અને Appleના અન્ય સોફ્ટવેર કોમ્પોનેન્ટ્સને પણ નિયમિત રીતે અપડેટ રાખવાની સલાહ આપી

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

ભારતની રાષ્ટ્રીય સાયબર સુરક્ષા એજન્સી CERT-Inએ Apple ડિવાઈસનો ઉપયોગ કરતા યુઝર્સ માટે ચેતવણી જાહેર કરી છે. આ એડવાઈઝરીમાં આઈફોન, આઈપેડ, મેક કમ્પ્યુટર્સ અને Apple ઈકોસિસ્ટમના અન્ય પ્રોડક્ટ્સમાં મળી આવેલી કેટલીક નવી સુરક્ષા ખામીઓ વિશે માહિતી આપવામાં આવી છે. જો સમયસર આ ખામીઓને ઠીક કરવામાં નહીં આવે તો હુમલાખોરો તેનો લાભ લઈને સંવેદનશીલ ડેટા સુધી ગેરકાયદેસર ઍક્સેસ મેળવી શકે છે અથવા ડિવાઈસની સામાન્ય કામગીરીમાં ખલેલ પહોંચાડી શકે છે.CERT-In દ્વારા દર્શાવવામાં આવેલી આ સુરક્ષા ખામીઓ Appleના અનેક સોફ્ટવેર પ્લેટફોર્મને અસર કરે છે. તેમાં iOS, iPadOS, macOS, tvOS, visionOS અને Safari બ્રાઉઝરના જૂના વર્ઝન્સનો સમાવેશ થાય છે. આ ખામીઓનો ઉપયોગ કરીને હુમલાખોરો સિસ્ટમમાં વધુ અધિકારો મેળવી શકે છે અથવા ગોપનીય માહિતી સુધી પહોંચી શકે છે. સાથે જ તેઓ સુરક્ષા નિયંત્રણોને બાયપાસ કરી શકે છે અથવા ડિવાઈસની સામાન્ય કામગીરીને અસર કરતી Denial-of-Service જેવી પરિસ્થિતિ ઊભી કરી શકે છે.CERT-Inએ કેટલીક ખાસ જોખમી સોફ્ટવેર વર્ઝન્સની યાદી પણ જાહેર કરી છે, જેમાં કેટલાક iPad મોડલ્સમાં ચાલતા જૂના iPadOS વર્ઝન્સનો સમાવેશ થાય છે. એજન્સીએ આ ખામીઓ સાથે જોડાયેલા અનેક Common Vulnerabilities and Exposures (CVE) આઈડેન્ટિફાયર્સની પણ ઓળખ કરી છે. તેમાં માહિતી લીક થવી અને સુરક્ષા પ્રતિબંધોને બાયપાસ કરવાની સમસ્યાઓનો સમાવેશ થાય છે. જો Mac ડિવાઈસમાં જૂના macOS વર્ઝનનો ઉપયોગ થઈ રહ્યો હોય અને તેમાં તાજેતરના સુરક્ષા પેચ ઈન્સ્ટોલ ન કરવામાં આવ્યા હોય તો આવા યુઝર્સ પણ જોખમ હેઠળ રહી શકે છે.CERT-Inએ અસરગ્રસ્ત Apple ડિવાઈસના તમામ યુઝર્સને સલાહ આપી છે કે તેઓ તરત જ પોતાના ડિવાઈસને કંપની દ્વારા જાહેર કરાયેલા નવા સોફ્ટવેર વર્ઝનમાં અપડેટ કરે. આ નવા અપડેટ્સમાં સુરક્ષા પેચ સામેલ છે, જે ઓળખાયેલી ખામીઓને દૂર કરવા અને ડિવાઈસની સુરક્ષાને વધુ મજબૂત બનાવવા માટે તૈયાર કરવામાં આવ્યા છે. એજન્સીએ યુઝર્સને Safari અને Appleના અન્ય સોફ્ટવેર કોમ્પોનેન્ટ્સને પણ નિયમિત રીતે અપડેટ રાખવાની સલાહ આપી છે, કારણ કે જૂના અને સુરક્ષા ખામીઓ ધરાવતા એપ્લિકેશન્સ હેકર્સ માટે સરળ નિશાન બની શકે છે.

## પેટ્રોલની નિકાસ પર ૩ વિન્ડફોલ ટેક્સ ઝીંકાયો, ડીઝલ-ATF પર રાહત

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

કેન્દ્ર સરકારે પેટ્રોલની નિકાસ પર પ્રતિ લિટર ¹ 3ના દરે સ્પેશિયલ એડિશનલ એક્સાઈઝ ડ્યુટી (SAED) એટલે કે વિન્ડફોલ ટેક્સ લગાવી દીધો છે. જ્યારે બીજી તરફ, નિકાસ કરવામાં આવતા ડીઝલ અને વિમાન ઈંધણ (ATF) પરના શુલ્કમાં મોટો ઘટાડો કરવામાં આવ્યો છે. નાણા મંત્રાલય દ્વારા બહાર પાડવામાં આવેલી જાહેરનામા અનુસાર, આ નવી દરો આજથી એટલે કે 16 મે 2026થી અમલમાં આવી ગયા છે.નવા સુધારા મુજબ, ડીઝલ પરની સ્પેશિયલ એડિશનલ એક્સાઈઝ ડ્યુટી 23 પ્રતિ લિટરથી ઘટાડીને 16.5 કરવામાં આવી છે. જ્યારે એવિએશન ટર્બાઈન ફ્યુઅલ (ATF) પરની ડ્યુટી 33થી ઘટાડીને 16 પ્રતિ લિટર કરી દેવામાં આવી છે. આ ઉપરાંત પેટ્રોલ અને ડીઝલની નિકાસ પર રોડ એન્ડ ઈન્ફ્રાસ્ટ્રક્ચર સેસને શૂન્ય રાખવામાં આવ્યો છે.ભારતના સામાન્ય ગ્રાહકો માટે રાહતના સમાચાર એ છે કે આ નિર્ણયની સ્થાનિક બજાર પર કોઈ નકારાત્મક અસર નહીં પડે. દેશમાં સ્થાનિક વપરાશ માટે વેચાતા પેટ્રોલ અને ડીઝલ પરની એક્સાઈઝ ડ્યુટીમાં કોઈ ફેરફાર કરાયો નથી. તેથી દેશની અંદર છૂટક કિંમતો વધશે નહીં અને સામાન્ય માણસનું બજેટ ખોરવાશે નહીં.




## કોંગોમાં ૬૫ લોકોના મોતથી અફરાતફરી, સેંકડો સંક્રમિત

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

કોંગોમાં ઈબોલા વાયરસથી ઓછામાં ઓછાં ૬૫ મૃત્યુ નોંધાયાં છે અને સેંકડો લોકો તેથી સંક્રમિત છે. આ પૂર્વે ૨૦૧૮ થી ૨૦૨૦ સુધીમાં આ વાયરસના પ્રકોપથી કોંગોમાં ૩૨ હજારથી વધુ લોકોનાં મૃત્યુ થયાં હતાં. માત્ર શ્વાસથી પણ ફેલાતા, આ ભયંકર રોગે ડેમોક્રેટિક રીપબ્લિક ઓફ કોંગો (ડીઆરસી)માં ૬૫ નાં તો મૃત્યુ નોંધાયા જ છે. પરંતુ ૧૦૦થી વધુ સંદિગ્ધોને હોસ્પિટલમાં દાખલ કરાયા છે. હજી સુધીમાં ઈબોલા સંક્રમિત તેના ૨૪૬ કેસો જાણવા મળ્યાં છે. ટેસ્ટ કરાયેલા ૨૦ લોકો પૈકી, ૧૩ લોકો તો ઈબોલા સંક્રમિત હોવાનું જાણવા મળ્યું છે.આ વાયરસથી કોંગોમાં તો ૨૦૧૮ થી ૨૦૨૦ દરમિયાન ૩ હજારથી વધુનાં મોત થયાં હતાં. જ્યારે દુનિયામાં પણ ઈબોલાથી ૨ હજારથી વધુનાં મોત નોંધાયાં છે. ઉલ્લેખનીય છે કે ઈબોલા સૌથી ખતરનાક વાયરસ માનવામાં આવે છે. આ વાયરસથી સંક્રમિત લોકો પૈકી ૯૦ ટકા મૃત્યુ પામે છે. આ રોગમાં ડાયેરિયા અને લોહી પડવા લાગે છે.રિપોર્ટ પ્રમાણે આ વાયરસ માત્ર ૩ દિવસમાં જીવ લઈ શકે છે. આ રોગના રોગીને સ્પર્શવાથી કે તેની આજુબાજુમાં રહેવાથી પણ આ ચેપ લાગે છે. તે શ્વાસ દ્વારા પણ ફેલાઈ શકે છે. તેથી તે સૌથી વધુ ખતરનાક છે. તે છીંકથી તથા ખાંસીથી પણ ફેલાય છે. આ વાયરસ પશુઓમાં પણ ફેલાય છે. તેનાથી સંક્રમિત જીવને ખાવાથી પણ ફેલાય છે. તેનાં જંતુ કોઈ પણ ઘા વાગે તો તે દ્વારા પણ શરીરમાં ઘૂસી જાય છે. તે ઓર્થો બોલા વાયરસ જૂથના વાયરસ છે, તેથી થાક લાગે છે.




# તંત્રી લેખ......

## ભોજશાળા એક મંદિર

મધ્યપ્રદેશના ધારમાં ભોજશાળા મંદિર-કમલ મૌલા મસ્જિદ કેસમાં, ઈન્દોર હાઈકોર્ટનો નિર્ણય, જેમાં ભોજશાળા સંકુલ એક હિન્દુ મંદિર હોવાનું તારણ કાઢવામાં આવ્યું, તે આશ્ચર્યજનક નથી. હાઈકોર્ટે પોતાના નિર્ણયમાં ભારતીય પુરાતત્વ સર્વેક્ષણના આદેશને ઉલટાવી દીધો જેમાં ભોજશાળા સંકુલમાં શુક્રવારે નમાજ અદા કરવા અને મંગળવારે પૂજા કરવા માટે નિર્દેશ આપવામાં આવ્યો હતો.

હાઈકોર્ટે મુસ્લિમ સમુદાયને મસ્જિદ માટે સરકાર પાસેથી અલગ જમીનની વિનંતી કરવા કહ્યું છે. આ નિર્ણય અયોધ્યા કેસમાં સુપ્રીમ કોર્ટના ઐતિહાસિક નિર્ણયની યાદ અપાવે છે. ઈન્દોર હાઈકોર્ટના નિર્ણયથી કોઈને આશ્ચર્ય ન થવું જોઈએ, કારણ કે તે કોઈ રહસ્ય નથી કે પરમાર વંશના રાજા ભોજના વંશજોએ ભોજશાળા સંકુલમાં દેવી વાગદેવી અથવા દેવી સરસ્વતીને સમર્પિત એક મંદિર બનાવ્યું હતું. તે એક સમયે સંસ્કૃત શિક્ષણનું મુખ્ય કેન્દ્ર હતું.

આ ધાર્મિક સ્થળ મંદિર હોવાના પુરાવા અયોધ્યામાં મળેલા કમલ મૌલા મસ્જિદ કરતાં પણ વધુ સ્પષ્ટ રીતે કોતરેલા હતા. ઈન્દોર હાઈકોર્ટ આ વિવાદિત સ્થળ પર પોતાનો નિર્ણય આપી શક્યું કારણ કે તે ૧૯૫૮ના કાયદા હેઠળ એએસઆઈ-સંરક્ષિત સ્મારક છે. નહિંતર, ૧૯૯૧ માં પસાર થયેલા ધાર્મિક સ્થળો અધિનિયમને કારણે આ સ્થળ પર યથાસ્થિતિ જાળવી રાખવામાં આવી હોત. કમનસીબે, આ ભેદભાવપૂર્ણ કાયદો ધાર કેસ જેવા અન્ય કેસોનો ઉકેલ લાવવાથી રોકે છે, અને આ સમયાંતરે વિવાદો તરફ દોરી જાય છે જે સાંપ્રદાયિક સંવાદિતાને નકારાત્મક અસર કરે છે.

ધાર કેસમાં હાઈકોર્ટના નિર્ણયથી કોઈ સાંપ્રદાયિક અશાંતિ થઈ નથી તે સારું છે, પરંતુ એ ચોક્કસ છે કે આ નિર્ણયને સુપ્રીમ કોર્ટમાં પડકારવામાં આવશે. આ મામલે સુપ્રીમ કોર્ટનો નિર્ણય ગમે તે હોય, તે અવગણવું જોઈએ નહીં કે આવા અસંખ્ય કેસ અસ્તિત્વમાં છે. ધાર્મિક સ્થળો અધિનિયમ, જે તેમના નિરાકરણમાં અવરોધ ઉભો કરે છે, તેને પણ પડકારવામાં આવ્યો છે. સુપ્રીમ કોર્ટ માટે આ કાયદા સામે દાખલ કરાયેલી અરજીઓનો ઝડપી નિકાલ કરવો યોગ્ય રહેશે.

સંડોવાયેલા પક્ષો, હિન્દુઓ અને મુસ્લિમો માટે પણ પરસ્પર સંમતિથી વિવાદિત ધાર્મિક સ્થળોનો ઉકેલ લાવવા યોગ્ય રહેશે. આનાથી પરસ્પર સંવાદિતા વધશે. આ ત્યારે જ શક્ય બનશે જ્યારે મુસ્લિમ પક્ષ એ વાસ્તવિકતા સ્વીકારે કે ગઝનવી, ઘોરી, ખિલજી, બાબર અને ઔરંગઝેબ જેવા આક્રમણકારોએ માત્ર સેંકડો મંદિરોનો નાશ કર્યો જ નહીં પરંતુ તેમના ખંડેરમાંથી મસ્જિદો પણ બનાવી હતી. આ ફક્ત અયોધ્યા અને ધારમાં જ નહીં, પરંતુ વારાણસી, મથુરા, સંભલ અને જૌનપુર અને અન્ય અસંખ્ય સ્થળોએ પણ કરવામાં આવ્યું હતું.

## ફિલ્મમેકર અનુરાગ કશ્યપ સામે માનહાનિનો ગુનો નોંધવા કોર્ટનો હુકમ

(સંપૂર્ણ સમાચાર સેવા)સુરત

બોલિવૂડના જાણીતા અને વિવાદિત ફિલ્મ ડિરેક્ટર તેમજ લેખક અનુરાગ કશ્યપ કાયદાની જાળમાં ફસાયા છે. સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર બ્રાહ્મણ સમાજ વિરૂદ્ધ અભદ્ર અને વાંધાજનક ટિપ્પણી કરવાના મામલામાં સુરત કોર્ટે ડિરેક્ટર વિરૂદ્ધ કડક વલણ અપનાવ્યું છે. સુરત કોર્ટે અનુરાગ કશ્યપ સામે માનહાનિનો ગુનો નોંધવાનો ઐતિહાસિક હુકમ કરી સમન્સ પાઠવ્યું છે, જેના કારણે હવે તેમને સુરત કોર્ટમાં રૂબરૂ હાજર થવું પડશે.ઘટનાની મળતી વિગતો અનુસાર, ગત વર્ષે ૧૯ માર્ચ, ૨૦૨૫ના રોજ બોલિવૂડ ડિરેક્ટર અનુરાગ કશ્યપે પોતાના સત્તાવાર સોશિયલ મીડિયા એકાઉન્ટ (એક્સ - અગાઉનું ટ્વિટર) પર બ્રાહ્મણ સમાજ લક્ષી એક અત્યંત અભદ્ર અને વિવાદાસ્પદ લખાણ લખીને પોસ્ટ શેર કરી હતી. આ પોસ્ટને કારણે બ્રાહ્મણ સમાજની લાગણી દુભાઈ હતી અને ભારે આક્રોશ ફાટી નીકળ્યો હતો.

અનુરાગ કશ્યપની આ અભદ્ર ટિપ્પણી સામે સુરતના જાણીતા વકીલ કમલેશ રાવલ દ્વારા કાનૂની લડત શરૂ કરવામાં આવી હતી.

### ચોમાસાને ધ્યાનમાં રાખીને જિલ્લાઓમાં વિવિધ મોકડ્રિલ હાથ ધરાશે

## આગામી ચોમાસાને ધ્યાનમાં રાખીને જિલ્લા કક્ષાએ વિગતવાર ડિઝાસ્ટર મેનેજમેન્ટ પ્લાન અને પ્રિ-મોન્સૂન બેઠક પૂર્ણ કરવા તાકીદ કરતા મહેસૂલ વિભાગના અધિક મુખ્ય સચિવ ડૉ. જયંતિ રવિ

**ચોમાસાની પૂર્વ તૈયારી- સમીક્ષા સંદર્ભે તમામ જિલ્લાના ડિઝાસ્ટર મામલતદાર-DPO સાથે મહેસૂલ વિભાગના અધિક મુખ્ય સચિવ ડૉ.જયંતિ રવિની અધ્યક્ષતામાં ગાંધીનગરથી વીડિયો કોન્ફરન્સ યોજાઈ**




રાજ્યમાં દર વખતની જેમ આ વર્ષે પણ ચોમાસામાં કોઈપણ જાન કે માલ હાનિ ના થાય તે માટે આપણે સૌએ અગમચેતીના ભાગરૂપે અત્યારથી જ જિલ્લા કક્ષાએ જરૂરી તૈયારીઓ પૂર્ણ કરી દેવી પડશે. આગામી ચોમાસાને ધ્યાનમાં રાખીને જિલ્લા કક્ષાએ વિગતવાર ડિઝાસ્ટર મેનેજમેન્ટ પ્લાન અને પ્રિ-મોન્સૂન બેઠક પૂર્ણ કરવા ગાંધીનગરથી મહેસૂલ વિભાગના અધિક મુખ્ય સચિવ ડૉ.જયંતિ રવિએ સંબંધિત અધિકારીઓને વીડિયો કોન્ફરન્સના માધ્યમથી જણાવ્યું હતું.આગામી ચોમાસાની પૂર્વ તૈયારી અને સમીક્ષા માટે તમામ જિલ્લાના ડિઝાસ્ટર મામલતદાર તેમજ ડિસ્ટ્રિક્ટ પ્રોજેક્ટ ઓફિસર-DPO સાથે આજે મહેસૂલ વિભાગના અધિક મુખ્ય સચિવ ડૉ. જયંતિ રવિની અધ્યક્ષતામાં SEOC, ગાંધીનગર ખાતેથી ઓનલાઈન બેઠક યોજાઈ હતી. ડૉ. જયંતિ રવિએ મામલતદાર તેમજ DPO સાથે સંવાદ કરતાં કહ્યું હતું કે, જિલ્લામાં ચોમાસાને ધ્યાનમાં રાખીને આગામી ૧૫ દિવસમાં સ્થાનિક વિષય જેવા કે હીટવેવ, પૂર વગેરે આપત્તિ સંબંધિત વિવિધ મોકડ્રિલ તાલુકા સ્તરે હાથ ધરવાની રહેશે. જેમાં દરિયા કિનારના જિલ્લામાં સ્થાનિક પરિસ્થિતિને ધ્યાનમાં રાખી વિશેષ મોકડ્રિલ યોજવામાં આવે તે ખૂબ જરૂરી છે. આ કવાયતનું સોશિયલ અને વિવિધ મીડિયાના માધ્યમથી બહોળી પ્રચાર-પ્રસિદ્ધિ થાય તે પણ જરૂરી છે જેથી નાગરિકોમાં વધુ જાગૃતિ લાવી શકાય.

વધુમાં અધિક મુખ્ય સચિવે કહ્યું હતું કે, આ ઉપરાંત ટ્રેનર દ્વારા ગ્રામીણ-શહેરી સ્તરે આપદા મિત્રોને તાલીમ આપીને તૈયાર કરવામાં આવશે.પ્રિ-મોન્સૂનના ભાગરૂપે દરેક ગામના આપદા મિત્રો સહિત અગત્યના ફોન નંબર સાથેની એક અદ્યતન ડિરેક્ટરી એક સપ્તાહમાં તૈયાર કરવી જેથી આપત્તિ સમયે તાત્કાલિક સંપર્ક અને બચાવ કામગીરી કરી શકાય. આ સિવાય NCC અને NSSના યુવાનોની વિગતો-સંપર્ક નંબર તૈયાર રાખવા જેથી જરૂર પડે વોલિન્ટિયર તરીકે તેમની મદદ લઈ શકાય. જિલ્લા, મહાનગરપાલિકા, નગરપાલિકા અને તાલુકા સ્તરે કંટ્રોલ રૂમ, બોટ, જનરેટર, હેમ રેડિયો હોટલાઈન સેટ, સેટેલાઈટ ફોન, લેન્ડ લાઈન ફોન વગેરે સંબંધિત ઉપકરણો ચાલુ સ્થિતિમાં છે તેની રૂબરૂ ખરાઈ-ટેસ્ટિંગ કરી લેવું જોઈએ, જેથી આપત્તિ સમયે તેનો ઉપયોગ કરી શકાય. આ સિવાય ભારે પૂરના સમયમાં જે તે ગામ-શહેરના શેલ્ટર હોમ, સરકારી પ્રાથમિક શાળા, ડેરી વગેરે ઈમારતોની પણ ખરાઈ કરી લેવી જેથી જરૂર પડે તો ત્યાં નાગરિકોને આશરો આપી શકાય? તેમ, તેમણે ઉમેર્યું હતું. ડૉ. રવિએ વધુમાં કહ્યું હતું કે, વિવિધ વિસ્તારોમાં આવતા કાંસ, નાળા, કેનાલ અને તળાવની યોગ્ય સફાઈ થાય તે પણ સુનિશ્ચિત કરવું જોઈએ. જે તે વિસ્તારમાં આવતા જોખમી સ્થળો-જૂના ઘરનું અત્યારથી જ યોગ્ય મેપિંગ કરીને પગલાં લેવા, જેથી મોટી દુર્ઘટના ટાળી શકાય. આ ઉપરાંત રાજ્યમાં જિલ્લા અને તાલુકા કક્ષાએ ડિઝાસ્ટર સંદર્ભે જે જગ્યાઓ? ખાલી હોય તે પણ જલ્દીથી ભરવા ડૉ. રવિએ સંબંધિતોને તાકીદ કરી હતી.

આ પ્રસંગે રાહત કમિશનર શ્રી રાજેશ માંજુએ જણાવ્યું હતું કે, આપત્તિથી બચવા યોગ્ય એક્શન પ્લાન જરૂરી છે જેથી જાનહાનિ ટાળી શકાય. આ એક્શન પ્લાનમાં પ્રિપેર્ડનેસ, રિસ્પોન્સ, રિકવરી અને મિટિંગ જરૂરી છે. ભૂતકાળના અનુભવોનું યોગ્ય દસ્તાવેજીકરણ કરીશું તો આવનાર આપત્તિથી બચી શકાય. જે તે જિલ્લામાં આવતા ડેમ, જળાશયો, કેનાલ તેમજ કાચા મકાનોની વર્તમાન સ્થિતિનો સર્વે કરી લેવો જોઈએ.

આ મિટિંગમાં જેડાના નિયામક શ્રી ગૌરાંગ મકવાણાએ તેમના ભરૂચ કલેક્ટર તરીકેના અનુભવો પરથી પ્રિ-મોન્સુનની તૈયારી અંગે વિવિધ સૂચનો કર્યા હતા. તેમણે કહ્યું હતું કે, આપત્તિથી બચવા આપણે સૌએ 'સચેત, દામિની અને મોસમ' જેવી એપનો મહત્તમ ઉપયોગ કરવો જોઈએ. આ પ્રસંગે રાહત નિયામક શ્રી સુભાષ સાવલિયાએ સ્વાગત પ્રવચન કરીને બેઠકની રૂપરેખા આપી હતી. આ બેઠકમાં રાજ્ય અને કેન્દ્રીય એજન્સીઓ જેવી કે, IMD, SDRF, NDRF, GSDMA, GIDM, UNISEF, એરફોર્સ અને સેના દ્વારા આપત્તિ વ્યવસ્થાપન સંદર્ભે વિવિધ પ્રેઝન્ટેશન રજૂ કરવામાં આવ્યા હતા.

- જનક દેસાઈ

### ગાંધીનગર લોકસભા વિસ્તારમાં વર્ષ ૨૦૨૬-૨૭ દરમિયાન વિશાળ સ્તરે વૃક્ષારોપણ અભિયાન હાથ ધરાશે

## ગાંધીનગર લોકસભાને હરિયાળી લોકસભા બનાવવાનું કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી શ્રી અમિતભાઈ શાહનું વિઝન

**ભાવિ પેઢીને ગ્રીન કવરની સાથે સ્વચ્છ હવા, પાણી અને હરિયાળું પર્યાવરણ આપવાની નેમ સાથે આ વર્ષે ૧ કરોડથી વધુ રોપાઓના વાવેતરનો લક્ષ્યાંક નક્કી કરાયો**





ગુજરાત પ્રવાસે પધારેલા ગાંધીનગર લોકસભાના સાંસદ તથા કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી શ્રી અમિતભાઈ શાહ દ્વારા ગાંધીનગર લોકસભા વિસ્તારને 'હરિયાળી લોકસભા' બનાવવાના સંકલ્પ સાથે વર્ષ ૨૦૨૬-૨૭દરમિયાન વિશાળ સ્તરે વૃક્ષારોપણ અભિયાન હાથ ધરવા આહવાન કરાયું છે.

કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રીશ્રી અમિતભાઈ શાહે અમદાવાદમાં યોજાયેલી બેઠકમાં આ અભિયાન અંતર્ગત વધુને વધુ વૃક્ષારોપણ દ્વારા આગામી પેઢી માટે સ્વચ્છ હવા, પાણી અને હરિયાળું પર્યાવરણ ઉપલબ્ધ કરાવવાનો વિશ્વાસ વ્યક્ત કર્યો હતો. નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષભાઈ સંઘવી તથા મુખ્ય સચિવ શ્રી મનોજકુમાર દાસ પણ આ બેઠકમાં સહભાગી થયા હતા. આ ઉચ્ચ સ્તરીય બેઠકમાં કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રીશ્રીએ સંબંધિત વિભાગોના વરિષ્ઠ અધિકારીઓ સાથે આયોજનની સમીક્ષા કરી હતી.

કેન્દ્રીય ગૃહ મંત્રીશ્રીએ વૃક્ષારોપણ પ્રત્યે જાગૃતિ વધારવા માટે રહેણાંક વિસ્તારમાં ૫૦થી વધુ વૃક્ષો વાવી શકાય તેવી સોસાયટીઓ આઈડેન્ટિફાય કરીને વૃક્ષારોપણ હાથ ધરવાનું સૂચન કર્યું હતું. આ ઉપરાંત તેમણે અમદાવાદના દરેક ખૂણે ગ્રીન કવર વધે તે માટે વધુને વધુ વૃક્ષો લોકભાગીદારીથી વાવવાનું આહવાન કર્યું હતું.તેમના સંસદીય ક્ષેત્રના GIDC વિસ્તારોમાં રોપાઓના સઘન વાવતેરથી ગ્રીન કવર વધારીને શ્રમિકો તથા ઉદ્યોગકારોને પર્યાવરણપ્રિય વાતાવરણ પૂરું પાડવાની કેન્દ્રીય ગૃહમંત્રીશ્રીએ નેમ વ્યક્ત કરી હતી. એટલું જ નહિ, રસ્તાના મીડિયન સહિત નાનામાં નાની ખુલી જગ્યામાં વક્ષારોપણ કરવાનું તેમણે સૂચન કર્યું હતું. ગાંધીનગર લોકસભા વિસ્તારને 'હરિયાળી લોકસભા' બનાવવાના સંકલ્પને સાકાર કરવા માટે લોકસભા વિસ્તારમાં ગત વર્ષના વાવેતરની સરખામણીએ આ વર્ષે ૬૪ ટકા વધુ રોપાઓના વાવેતરનો લક્ષ્યાંક રાખવામાં આવ્યો છે. એટલે કે ગયા વર્ષે લગભગ ૬૨.૮૫ લાખ રોપાઓનું વાવેતર કરવામાં આવ્યું હતું, તેની સામે આ વર્ષે ૧ કરોડ ૩ લાખ જેટલા રોપાઓના વાવેતરનો લક્ષ્યાંક રાખવામાં આવ્યો છે.

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની પ્રેરણાથી વૃક્ષારોપણ અભિયાનમાં જનભાગીદારી વધારવા માટે 'એક પેડ માં કે નામ ૨.૦' અભિયાન શરૂ કરવામાં આવ્યું છે. આ અભિયાનના ભાગરૂપે સરકાર, સંસ્થાઓ અને નાગરિકોના સંયુક્ત સહકારથી ગાંધીનગર લોકસભા ક્ષેત્રને દેશનું આદર્શ હરિયાળું લોકસભા ક્ષેત્ર બનાવવાનો સંકલ્પ વ્યક્ત કરવામાં આવ્યો છે. આ માટે નાગરિકોને સહભાગી બનાવવા મફત રોપા વિતરણ કરવામાં આવશે. ટેનામેન્ટ, રો-હાઉસ અને બંગલા ધરાવતા પરિવારોને એક છોડ આપવામાં આવશે.

### કેરીમાં મીઠાશ એટલે હોય છે, કારણ કે તેમાં ખેડૂતોનો પરિશ્રમ સમાયેલો છેઃ કૃષિ મંત્રી જીતુભાઈ વાઘાણી

## 'કેસર કેરી મહોત્સવ-૨૦૨૬'નો શુભારંભ કરાવતાં કૃષિમંત્રી જીતુભાઈ વાઘાણી

**શહેરીજનોને કેસર કેરી મહોત્સવનો મહત્તમ લાભ લઈ, ઉચ્ચ ગુણવત્તાવાળી કાર્બાઇડ ફ્રી કેસર કેરીની મીઠાશને માણવા કૃષિમંત્રીનો અનુરોધ**




કૃષિ મંત્રી જીતુભાઈ વાઘાણીએ વર્ચ્યુઅલ માધ્યમથી અમદાવાદ હાટ ખાતે આયોજિત 'કેસર કેરી મહોત્સવ-૨૦૨૬'નો શુભારંભ કરાવતાં કહ્યું કે કેરી મીઠી એટલા માટે હોય છે, કારણ કે તેમાં ખેડૂતનો પરિશ્રમ ભળેલો હોય છે. આંબો રોપે ત્યાંથી માંડીને તેના પર મોર બેસે અને ફળ આવે ત્યાં સુધી ખેડૂત જીવની જેમ તેની માવજત કરે છે.

વડાપ્રધાનશ્રીની ઈંધણ બચાવવાની અપીલના પગલે કૃષિમંત્રીએ વર્ચ્યુઅલ માધ્યમથી કેરી મહોત્સવનો પ્રારંભ કરાવ્યો હતો. આ પ્રસંગે કૃષિ રાજ્યમંત્રી રમેશભાઈ કટારા પણ વર્ચ્યુઅલ માધ્યમથી જોડાયા હતા.

કૃષિમંત્રી વાઘાણીએ કહ્યું કે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શન હેઠળ કૃષિ વિભાગ હસ્તકના ગુજરાત એગ્રો દ્વારા ખેડૂતોને તેમના ઉત્પાદનનો પોષણક્ષમ ભાવ મળે અને શહેરીજનોને શુદ્ધ, રસાયણમુક્ત ફળો મળે તેવા આશય સાથે અમદાવાદના વસ્ત્રાપુર હાટ ખાતે 'કેસર કેરી મહોત્સવ-૨૦૨૬'નું આયોજન કરવામાં આવ્યું છે.

તેમણે ઉમેર્યું કે ખેડૂતો પોતાના ખેત ઉત્પાદન સીધા શહેરી ગ્રાહકોને વેચી શકે તે માટે રાજ્ય સરકાર 'કેસર કેરી મહોત્સવ' જેવું એક માધ્યમ પૂરું પાડીને ખેડૂતોને સહાયરૂપ થઈ રહી છે. ખેડૂતોની આવક બમણી કરવા વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ શરુ કરેલી ઝૂંબેશમાં સહભાગી થઈ રાજ્ય સરકાર દ્વારા ખેડૂતોની આવકમાં વધારો કરવા તેમજ રસાયણમુક્ત અને પ્રાકૃતિક ખેતપેદાશોને પ્રોત્સાહિત કરવા માટે આવાં વિશેષ આયોજન હાથ ધરવામાં આવે છે.

કૃષિમંત્રીએ જણાવ્યું કે દર વર્ષે કરોડો રૂપિયાની કિંમતની ગુજરાતની કેરીની વિદેશમાં નિકાસ થાય છે અને ખેડૂતો તેનાથી નફો મેળવી રહ્યા છે. એટલું જ નહીં, આ કેરી આજે બ્રાન્ડ બની ચૂકી છે. તેમાંય હવે તો સ્થાનિક કક્ષાએ જ ઈ-રેડિયેશન પ્રમાણિત થઈને જ આ કેરીની નિકાસ થાય છે. જે ગૌરવની વાત હોવાનું તેમણે ઉમેર્યું હતું.

આ પ્રસંગે કૃષિ રાજ્ય મંત્રી રમેશ કટારાએ જણાવ્યું કે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વ હેઠળ ગુજરાત કૃષિ ક્ષેત્રે સતત પ્રગતિ કરી રહ્યું છે. રાજ્ય સરકારની કૃષિ લક્ષી નીતિઓના કારણે ખેડૂતોની આવકમાં વધારો થયો છે. ખાસ કરીને, ગીર સોમનાથ, જૂનાગઢ, અમરેલી, ભાવનગર, કચ્છ અને દક્ષિણ ગુજરાતના વિસ્તારો કેસર કેરીના ઉત્પાદન માટે જાણીતા છે. વિદેશોમાં પણ ગુજરાતની કેસર કેરીની માંગમાં ઉત્તરોત્તર વધારો થઈ રહ્યો છે.

કૃષિ વિભાગના અગ્રસચિવ આર.સી. મીણાએ કહ્યું કે ખેડૂતોની મહેનત લોકો સુધી પહોંચે અને તેનાં ફળ ખેડૂતોને મળે તે માટે રાજ્ય સરકાર માધ્યમ તરીકે કામ કરી રહી છે. કચ્છના ખેડૂતોને કચ્છમાં જ અમદાવાદનો ભાવ મળી રહે અને અમદાવાદના લોકોને કચ્છનો સ્વાદ પણ મળે તેવું આયોજન છે.

આ પ્રસંગે ગુજરાત એગ્રો ઈન્ડસ્ટ્રીઝ કોર્પોરેશનના એમ.ડી. શ્રી વિજય ખરાડીએ સ્વાગત પ્રવચનમાં સમગ્ર આયોજનનો હેતુ જણાવી આંકડાકીય વિગતો આપી હતી.

ઉલ્લેખનીય છે કે, કેસર કેરી મહોત્સવ-૨૦૨૬માં ઉભા કરાયેલા આશરે ૧૦૦ જેટલા સ્ટોલ પૈકી ૮૫ સ્ટોલ કેરી માટે અને ૧૫ સ્ટોલ GI ટેગ ખારેક માટે તૈયાર કરીને વિવિધ ખેડૂત મંડળીઓ, નેચરલ ફાર્મિંગ FPO તેમજ કેરી અને ખારેકનું ઉત્પાદન કરતા વ્યક્તિગત ખેડૂતોને વિનામૂલ્યે ફાળવવામાં આવ્યા છે.

આ કેસર કેરી મહોત્સવ અંતર્ગત આગામી તા. ૧૫ જૂન સુધી કેરીનું તથા તા. ૧૬ થી ૨૫ જૂન દરમિયાન GI ટેગ ખારેકનું વેચાણ થશે. આ મહોત્સવ માત્ર ખરીદીનો પોઈન્ટ જ નહીં, શહેરી ગ્રાહકો અને ગ્રામ્ય ઉત્પાદકો વચ્ચે સીધા સંવાદ અને વિશ્વાસનું માધ્યમ બનશે, તેવો વિશ્વાસ આયોજકો દ્વારા વ્યક્ત કરવામાં આવ્યો છે.

આ મહોત્સવની મુલાકાત લઈ નગરજનો સીધા કેરી પકવતાં ખેડૂતો પાસેથી તાજી અને કાર્બાઈડ ફ્રી કેરી ખરીદી શકશે. આ મહોત્સવમાં નાગરિકોને તાલાલા-ગીર, જૂનાગઢ, અમરેલી, કચ્છ, વલસાડ અને નવસારી જેવા પ્રદેશોની સુપ્રસિદ્ધ અને સ્વાદિષ્ટ કેરીઓ ખરીદી માટે ઉપલબ્ધ થશે. આ વર્ષનું વિશેષ આકર્ષણ ગુજરાતની સુપ્રસિદ્ધ GI ટેગ પ્રાપ્ત ખારેક છે, જેનું પણ સીધું વેચાણ કરવામાં આવશે.

આ અવસરે કૃષિ અને બાગાયત વિભાગના અધિકારીઓ, કર્મચારીઓ સહિત નાગરિકો ઉપસ્થિત રહ્યા હતા.

● બૉક્સ-૧

રંગ, સુગંધ અને મીઠાશનો ત્રિવેણી સંગમ એટલે કેસર કેરી

આજે આયોજિત કેસર કેરી મહોત્સવનાં ખેડૂતોએ પણ પોતાના પ્રતિભાવો આપ્યા હતા. તેમણે જણાવ્યું કે રંગ, સુગંધ અને મીઠાશનો ત્રિવેણી સંગમ એટલે કેસર કેરી. વધુમાં, રાજ્ય સરકાર દ્વારા કરવામાં આવતાં આ પ્રકારના આયોજનો થકી ખેડૂતોની આવક વધવાની સાથે તેમનો આત્મવિશ્વાસ પણ વધ્યો છે. એક સમયે કચ્છથી જ્યાં માત્ર બે ટ્રક કેરી અમદાવાદ આવતી, ત્યાં આજે ૧૨ ટ્રક કેરી મોકલવામાં આવે છે.

● બૉક્સ-૨

વર્ષ-૨૦૨૫ના કેરી મહોત્સવમાં એક જ મહિનામાં ૩.૩૦ લાખ કિલોથી પણ વધુ કેરીનું વેચાણ થયું હતું

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ વર્ષ-૨૦૦૭થી રાજ્યમાં કેસર કેરી મહોત્સવની શરૂઆત કરાવી, ત્યારથી દર વર્ષે ઉનાળા દરમિયાન આ કેરી મહોત્સવનું રાજ્ય સરકાર દ્વારા આયોજન કરવામાં આવે છે. વર્ષ-૨૦૨૫માં યોજાયેલા 'કેસર કેરી મહોત્સવ'માં અમદાવાદીઓએ માત્ર એક જ મહિનામાં રૂ. ૪ કરોડની કિંમતની ૩.૩૦ લાખ કિલોગ્રામથી વધુ કેરીની વિક્રમી ખરીદી કરી હતી.

નવસર્જન સંસ્કૃતિમાં આપના વિસ્તારની સમસ્યા, સંસ્થાના વિકાસલક્ષી સમાચાર, બાળકોના જન્મદિવસની શુભેચ્છા, સગા-સંબંધીઓનું બેસણું/શ્રદ્ધાંજલિ, વેપાર-ધંધાની જાહેર ખબર તેમજ ન્યૂઝપેપર માટે સંપર્ક કરો.

ગાંધીનગર - સાબરકાંઠા - અરવલ્લી જીલ્લો

બ્યુરોચીફ : યુનુસ મેમણ
(મો.૭૯૮૪૮૩૬૩૭૧)
પોલોગ્રાઉન્ડ, અલકાપુરી ચાર રસ્તા પાસે, હિંમતનગર.
Email : yunushmemon@gmail.com

નવસર્જન સંસ્કૃતિ

નવસર્જન સંસ્કૃતિ
એક શુભેચ્છક

PRGI NO. GUJGUJ/2016/70752 Printed, Published & Owned by RAGINI JIGNESHKUMAR VAGHELA and Printed By (1) JIGNESH RASHIKBHAI GAJJAR at Vansh Corporation, A/8, Shayona Golden Estate, Shahibag, Ahmedabad - 380 004 (2) DESAI RAHUL MAHESHBHAI at Bhavani Offset, "Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002. (3) HADIK MAHESHBHAI DESAI at Bhoomi Offset, "Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002 and Published from B/13, Sneh Plaza Shopping Center, I.O.C. Road, Chandkheda, Ahmedabad - 382 424. Editor : RAGINI JIGNESHKUMAR VAGHELA
Regd.Office : B/13, Sneh Plaza Shopping Center, I.O.C. Road, Chandkheda, Ahmedabad - 382 424 Gujarat,India. Phone : (o) 7698333307 (M) 8485951747,7096333307
Email : navsarjansanskruti2016@gmail.com • navsarjansanskruti2016@yahoo.com • Website : www.navsarjansanskruti.com

૫,૯૩૦ ચોરસ મીટર વિસ્તારમાં સ્થાપિત આ પાર્ક ગુજરાતમાંથી પસાર થતા કર્કવૃત્તના ભૌગોલિક અને ખગોળીય મહત્વ વિશે માહિતી આપે છે

# સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તાલુકાના સલાલ ગામ ખાતે નિર્મિત ટ્રોપિક ઑફ કેન્સર સાયન્સ પાર્ક પર્યટકોમાં જગાવી રહ્યો છે આકર્ષણ, ૨ મહિનામાં ૩૫૦૦થી વધુ મુલાકાતીઓ

### એક સેલ્ફ-એક્સપ્લેનેટરી પાર્ક જ્યાં એસ્ટ્રોનોમિકલ સ્ટ્રક્ચર્સ અને મુલાકાતીઓ માટેની સુવિધા ઉપલબ્ધ, ઉનાળુ વેકેશનને બનાવશે રસપ્રદ





ગુજરાતના નાગરિકો અને ખાસ કરીને વિદ્યાર્થીઓમાં વૈજ્ઞાનિક દ્રષ્ટિકોણ વિકસિત કરવા તેમજ ગુજરાતમાંથી પસાર થતા કર્કવૃત્તના ભૌગોલિક મહત્વ વિશે માહિતી આપવાના ઉદ્દેશથી રાજ્યના વિજ્ઞાન અને ટેક્નોલોજી વિભાગ હેઠળની સંસ્થા ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી **(GUJCOST)** દ્વારા સાબરકાંઠા જિલ્લામાં ટ્રોપિક ઑફ કેન્સર સાયન્સ પાર્કનું નિર્માણ કરવામાં આવ્યું છે.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ દ્વારા ગત ૧૧ માર્ચ, ૨૦૨૬ના રોજ સાબરકાંઠા જિલ્લાના સલાલ ગામ ખાતે આ પાર્કનું ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું, જે રાજ્યમાં વિજ્ઞાન વિષયના શિક્ષણ અને જાગૃતિને પ્રોત્સાહન આપવા માટે એક મહત્વપૂર્ણ પહેલ છે. ઉલ્લેખનીય છે કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીએ વૈજ્ઞાનિક વલણોને પ્રોત્સાહન આપવા પર, તેમજ બાળકોમાં આધુનિક વિજ્ઞાનની ક્ષમતાઓ અંગેની સમજણ વિકસિત થાય તેના પર હંમેશાં ભાર મૂક્યો છે.

આ સાયન્સ પાર્ક મુલાકાતીઓ માટે વિજ્ઞાન પર્યટનના કેન્દ્ર તરીકે પણ કામ કરી રહ્યો છે. પ્રવાસીઓમાં અને ખાસ કરીને વિજ્ઞાનમાં રસ ધરાવતા મુલાકાતીઓમાં આ પાર્ક અત્યારે અનોખું આકર્ષણ ઊભું કરી રહ્યો છે. ઉદ્ઘાટન થયા બાદ ૨ મહિનાના સમયગાળામાં લગભગ ૩૫૦૦થી વધુ મુલાકાતીઓએ ટ્રોપિક ઑફ સેન્ટર સાયન્સ પાર્કની મુલાકાત લીધી છે, અને ઉનાળાનું વેકેશન ચાલી રહ્યું છે ત્યારે મુલાકાતીઓની સંખ્યામાં વધારો થશે.

★રૂ.૮ કરોડના ખર્ચે ૫,૯૩૦ ચોરસ મીટરમાં આ સાયન્સ પાર્ક વિકસિત

ઉલ્લેખનીય છે કે, **GUJCOST** દ્વારા રૂ.૮ કરોડના અંદાજિત ખર્ચે લગભગ ૫૯૩૦ ચોરસ મીટર વિસ્તારમાં આ પાર્ક સ્થાપિત કરવામાં આવ્યો છે. આ પાર્કના ઉદ્ઘાટન સમયે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું હતું કે, નાગરિકો અને ખાસ કરીને વિદ્યાર્થીઓમાં વૈજ્ઞાનિક વલણ કેળવવા માટે આવી પહેલો મહત્વપૂર્ણ છે.

આ પાર્ક કર્કવૃત્તના ભૌગોલિક અને ખગોળીય મહત્વને સમજવા માટે એક ઈન્ટરેક્ટિવ શૈક્ષણિક અને સંશોધન કેન્દ્ર તરીકે સેવા આપે છે, જેમાં પૃથ્વી અને સૂર્ય વચ્ચેના સંબંધો અને ઋતુગત ફેરફારોનો સમાવેશ થાય છે.

ઉલ્લેખનીય છે કે, ઉષ્ણકટિબંધીય પ્રદેશો એ પૃથ્વીના એવા ભાગો છે જે પૃથ્વીના કેન્દ્રની નજીક છે અને તેમની પાસે અતિ સમૃદ્ધ જૈવવિવિધતાઓ છે. ઉષ્ણકટિબંધીય પ્રદેશ આશરે ૪૦% ભૂમિ વિસ્તારને આવરી લે છે જે કર્કવૃત્ત અને મકરવૃત્તની વચ્ચે આવે છે.

ટ્રોપિક ઑફ સેન્ટર **(TOC)** એટલે કે કર્કવૃત્ત, આપણી પૃથ્વીને વિભાજીત કરતા પાંચ મુખ્ય અક્ષાંશ વર્તુળોમાંનું એક છે, જેને ઉત્તરીય ઉષ્ણકટિબંધ તરીકે પણ ઓળખવામાં આવે છે. તે પૃથ્વી પરનું સૌથી ઉત્તરીય અક્ષાંશ વર્તુળ છે, જ્યાં સૂર્ય તેની પરાકાષ્ઠાએ સીધો માથાની ઉપર દેખાઈ શકે છે.

★કર્કવૃત્ત ગુજરાતના સાત જિલ્લાઓમાંથી પસાર થાય છે

કર્કવૃત્ત એ વિષુવવૃત્તથી ૨૩.૫૦ ડિગ્રી ઉત્તરના ખૂણા પરની એક કાલ્પનિક રેખા છે, જે ભારત સહિત ૧૬ દેશો, ૩ ખંડો અને વિશ્વભરના ૬ જળસંગ્રહોમાંથી પસાર થાય છે. ભારતમાં, કર્કવૃત્ત આઠ રાજ્યોમાંથી પસાર થાય છે, જેમાં ગુજરાત, રાજસ્થાન, મધ્યપ્રદેશ, છત્તીસગઢ, ઝારખંડ, પશ્ચિમ બંગાળ, ત્રિપુરા અને મિઝોરમનો સમાવેશ થાય છે.

ગુજરાતમાં, તે સાત જિલ્લાઓમાંથી પસાર થાય છે, જેમ કે, (૧) અરવલ્લી, (૨) સાબરકાંઠા, (૩) ગાંધીનગર, (૪) મહેસાણા, (૫) સુરેન્દ્રનગર, (૬) પાટણ અને (૭) કચ્છ. કર્કવૃત્ત ગુજરાતની ઉત્તરીય સરહદમાંથી પસાર થાય છે, જેના કારણે રાજ્યમાં ખૂબ જ ગરમ અથવા અથવા તો ખૂબ જ ઠંડું વાતાવરણ રહે છે.

કર્કવૃત્ત **(TOC)** અને તેના મહત્વ વિશે જાગૃતિ અને સમજણ કેળવવા તેમજ આ સાઈટને એક સંશોધન કેન્દ્ર (એક્સપ્લોરેશન પોઈન્ટ) તરીકે વિકસાવવા માટે, સાબરકાંઠા જિલ્લાના હિંમતનગર હાઈવે આ ટ્રોપિક ઑફ કેન્સર સાયન્સ પાર્ક વિકસાવવામાં આવ્યો છે.

★ખુલ્લા આકાશ નીચે વિજ્ઞાનની જીવંત પ્રયોગશાળા

ટ્રોપિક ઑફ કેન્સર સાયન્સ પાર્કની સૌથી મોટી વિશેષતા એ છે કે અહીં વિજ્ઞાનને માત્ર વાંચવામાં જ નથી આવતું, પરંતુ તેને અનુભવી શકાય છે. પાર્કમાં વિવિધ પ્રદર્શનો અને સાધનો દ્વારા મુલાકાતીઓને સમજાવવામાં આવે છે કે, પૃથ્વીનો ઝુકાવ ઋતુઓને કેવી રીતે અસર કરે છે, વર્ષ દરમિયાન સૂર્યની ગતિ અને છાયામાં કેવી રીતે ફેરફાર થાય છે, સન ડાયલ દ્વારા સમય અને સૂર્યની સ્થિતિને કેવી રીતે માપી શકાય છે, વગેરે. આ બાબતો વિદ્યાર્થીઓ માટે આ સ્થળને એક ખુલ્લી હવામાં આવેલી વિજ્ઞાનની પ્રયોગશાળા બનાવી દે છે.

★વિજ્ઞાન પ્રવાસન, જ્ઞાનનું આકર્ષણ

આ પાર્કને એક અનોખા અને સેલ્ફ-એક્સપ્લેનેટરી પ્લેટફોર્મ તરીકે ડિઝાઈન કરવામાં આવ્યો છે, જેમાં બાહ્ય પ્રદર્શનો, ખગોળીય માળખાં (એસ્ટ્રોનોમિકલ સ્ટ્રક્ચર્સ) અને મુલાકાતીઓ માટેની સુવિધા છે. આ પાર્ક વિજ્ઞાન પ્રેમીઓ માટે એક આકર્ષક સ્થળ બની રહ્યો છે. મુલાકાતીઓ માટે અહીં વિવિધ રસપ્રદ પ્રવૃત્તિઓ છે જેમકે, વૈશ્વિક મહત્વ ધરાવતી અક્ષાંશ રેખા પર ઊભા રહેવાનો અનુભવ, રસપ્રદ વિજ્ઞાન પ્રદર્શન, કુદરતી દ્રશ્યો, સાંસ્કૃતિક કાર્યક્રમો વગેરે. આ સાથે, આ પાર્ક સ્થાનિક સમુદાયો માટે રોજગાર અને વિકાસની નવી તકો પણ ઊભી કરે છે. આ પાર્ક વિદ્યાર્થીઓ અને શિક્ષકો માટે એક જીવંત શિક્ષણ કેન્દ્ર જેવો છે.

આમ, ટ્રોપિક ઑફ કેન્સર સાયન્સ પાર્ક **GUJCOST** દ્વારા એક અનોખી વૈજ્ઞાનિક અને શૈક્ષણિક પહેલ છે, જે મુલાકાતીઓ માટે એક અમૂર્ત ભૌગોલિક ખ્યાલને મૂર્ત, આકર્ષક અને માહિતીપ્રદ અનુભવમાં પરિવર્તિત કરે છે. ગુજરાતમાં આ પાર્ક એક સીમાચિહ્નરૂપ છે, જે વૈજ્ઞાનિક જિજ્ઞાસાને જાગૃત કરશે. તે વૈજ્ઞાનિક જાગૃતિ, અનુભવલક્ષી શિક્ષણ અને નવીનતા-સંચાલિત જાહેર જોડાણને પ્રોત્સાહન આપવાની ગુજરાતની પ્રતિબદ્ધતાને મજબૂત બનાવે છે.

# પશ્ચિમ રેલવેના અપર મહાપ્રબંધક શ્રી પ્રદીપ કુમારે ભાવનગર મંડળનું સંરક્ષા નિરીક્ષણ કર્યું





પશ્ચિમ રેલવેના અપર મહાપ્રબંધક શ્રી પ્રદીપ કુમારે તા. ૧૪ અને ૧૫ મે, ૨૦૨૬ દરમિયાન ભાવનગર મંડળના બોટાદ–ભાવનગર ખંડનું વિગતવાર સંરક્ષા નિરીક્ષણ કર્યું. આ નિરીક્ષણનો મુખ્ય હેતુ રેલ સંરક્ષા, સંચાલન કાર્યક્ષમતા તથા યાત્રી સુવિધાઓની સમીક્ષા કરવાનો હતો. વરિષ્ઠ મંડળ વાણિજ્ય પ્રબંધક શ્રી અતુલ કુમાર ત્રિપાઠીએ જણાવ્યું કે તા. ૧૪ મે, ૨૦૨૬ના રોજ અપર મહાપ્રબંધક શ્રી પ્રદીપ કુમારે બોટાદથી ભાવનગર પરા સુધી વિન્ડો ટ્રેલિંગ નિરીક્ષણ કર્યું અને માર્ગમાં રેલ પાટા, સિગ્નલ તથા અન્ય સંરક્ષા સંબંધિત વ્યવસ્થાઓનું અવલોકન કર્યું. આ જ દિવસે તેમના હસ્તે ભાવનગર પરામાં નવનિર્મિત ટાઈપ-૫ રેલવે આવાસોની (૫ એકમો) લોકાર્પણ વિધિ યોજાઈ. આ પ્રસંગે પર્યાવરણ સંરક્ષણ પ્રત્યે રેલવેની પ્રતિબદ્ધતાને ઉજાગર કરતાં વૃક્ષારોપણ પણ કરવામાં આવ્યું.

નિરીક્ષણ દરમિયાન તેમની સાથે મંડળ રેલ પ્રબંધક શ્રી દિનેશ વર્મા, અપર મંડળ રેલ પ્રબંધક શ્રી ઋત્વિક શર્મા તથા મંડળના તમામ શાખા અધિકારીઓ ઉપસ્થિત રહ્યા.

ત્યારબાદ અપર મહાપ્રબંધકે ભાવનગર ટર્મિનસ રેલવે સ્ટેશનનું નિરીક્ષણ કર્યું. તેમણે મંડળ રેલ પ્રબંધક કચેરીમાં શાખા અધિકારીઓ સાથે બેઠક યોજી અને વિવિધ વિકાસ કાર્યો, સંરક્ષા ઉપાયો તથા સંચાલન વ્યવસ્થાઓની સમીક્ષા કરી. સાથે સાથે નવનિર્મિત મંડળ કચેરીના ભવનનું પણ અવલોકન કર્યું. તા. ૧૫ મે, ૨૦૨૬ના રોજ શ્રી પ્રદીપ કુમારે બોટાદ રેલવે સ્ટેશનનું સંરક્ષા નિરીક્ષણ કર્યું. આ દરમિયાન સ્ટેશન પર ઉપલબ્ધ સંરક્ષા તથા યાત્રી સુવિધાઓની સમીક્ષા કરવામાં આવી. આ જ દિવસે તેમના હસ્તે બોટાદ ખાતે નવનિર્મિત રેલવે સુરક્ષા બલ **(RPF)** કચેરીનું પણ લોકાર્પણ કરવામાં આવ્યું. નિરીક્ષણ સમયે મંડળના સંબંધિત શાખા અધિકારીઓ પણ હાજર રહ્યા. આ બે દિવસીય નિરીક્ષણ દરમિયાન અપર મહાપ્રબંધકે સંરક્ષાને સર્વોચ્ચ પ્રાથમિકતા આપતાં અધિકારીઓને જરૂરી માર્ગદર્શન આપ્યું અને ભાવનગર મંડળમાં આધુનિક સુવિધાઓના વિકાસ, પર્યાવરણ સંરક્ષણ અને યાત્રી સુવિધાઓને વધુ મજબૂત બનાવવા માટે કરવામાં આવી રહેલા પ્રયાસોની પ્રશંસા કરી.

# ૨૯ મે થી ૨૬ જૂન સુધી દર શુક્રવારે ભાવનગર ટર્મિનસ-શકૂર બસ્તી વચ્ચે સાપ્તાહિક સ્પેશિયલ ટ્રેન ચાલશે

યાત્રિયોની માંગ અને સુવિધાને ધ્યાનમાં રાખીને પશ્ચિમ રેલવે દ્વારા ભાવનગર મંડળમાંથી એક મહત્વપૂર્ણ વધારાની રેલ સુવિધા ઉપલબ્ધ કરાવવામાં આવી રહી છે. ભાવનગર ટર્મિનસ અને શકૂર બસ્તી વચ્ચે વિશેષ ભાડા પર સાપ્તાહિક સ્પેશિયલ ટ્રેન ચલાવવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

વરિષ્ઠ મંડળ વાણિજ્ય પ્રબંધક, ભાવનગર મંડળ શ્રી અતુલ કુમાર ત્રિપાઠીના જણાવ્યા અનુસાર, આ વિશેષ ટ્રેનનું સંચાલન નીચે મુજબ રહેશે—

ટ્રેન નંબર ૦૯૨૫૭ ભાવનગર ટર્મિનસ–શકૂર બસ્તી સાપ્તાહિક સ્પેશિયલ ટ્રેન ૨૯ મે, ૨૦૨૬ થી ૨૬ જૂન, ૨૦૨૬ સુધી દર શુક્રવારે ભાવનગર ટર્મિનસથી બપોરે ૧૪:૨૦ કલાકે પ્રસ્થાન કરશે અને બીજા દિવસે શનિવારે સવારે ૧૦:૫૫ કલાકે શકૂર બસ્તી પહોંચશે.

ટ્રેન નંબર ૦૯૨૫૮ શકૂર બસ્તી–ભાવનગર ટર્મિનસ સાપ્તાહિક સ્પેશિયલ ટ્રેન ૩૦ મે, ૨૦૨૬ થી ૨૭ જૂન, ૨૦૨૬ સુધી દર શનિવારે શકૂર બસ્તીથી બપોરે ૧૩:૧૫ કલાકે પ્રસ્થાન કરશે અને બીજા દિવસે રવિવારે સવારે ૦૮:૫૦ કલાકે ભાવનગર ટર્મિનસ પહોંચશે.

બંને દિશામાં આ ટ્રેન નીચેના સ્ટેશનો પર રોકાશે— ભાવનગર પરા, સિહોર (ગુજરાત), ધોળા, બોટાદ, ધંધુકા, ધોળકા, સરખેજ, ગાંધીગ્રામ, ચાંદખેડા રોડ, મહેસાણા જંક્શન, પાલનપુર જંક્શન, આબુ રોડ, ફાલના, મારવાડ જંક્શન, અજમેર જંક્શન, કિશનગઢ, ફુલેરા, રીંગસ, નીમ કા થાના, નારનૌલ, રેવાડી જંક્શન, ગુડગાંવ અને દિલ્હી કેન્ટ.

આ વિશેષ ટ્રેનમાં દ્વિતીય શ્રેણી, શયનયાન, થર્ડ એસી, થર્ડ એસી ઈકોનોમી તથા સેકન્ડ એસી શ્રેણીના કોચ ઉપલબ્ધ રહેશે.

ટ્રેન નંબર ૦૯૨૫૭ માટે ટિકિટોની બુકિંગ ૧૭ મે, ૨૦૨૬ (રવિવાર) થી તમામ યાત્રી આરક્ષણ કેન્દ્રો તેમજ ઈ્ઝ્ઝની સત્તાવાર વેબસાઈટ પર શરૂ થશે. યાત્રિયોને વિનંતી છે કે ટ્રેનના સમય, રોકાણ અને કોચ રચના અંગેની વિગતવાર માહિતી માટે વેબસાઈટ **www.enquiry.indianrail.gov.in** ની મુલાકાત લે.

# ગુજરાતમાં "રાષ્ટ્રીય ડેન્ગ્યુ દિવસ"ની ઉજવણીઃ જનજાગૃતિ દ્વારા ડેન્ગ્યુ-મુક્ત રાજ્યનો સંકલ્પ : આરોગ્ય રાજ્ય મંત્રી શ્રી પ્રફુલ પાનશેરીયા

૧૬ મે : "રાષ્ટ્રીય ડેન્ગ્યુ દિવસ સામુદાયિક ભાગીદારી થકી ડેન્ગ્યુ મુક્ત ગુજરાતનો સંકલ્પ

### રાજ્ય સરકાર ડેન્ગ્યુના અટકાયતી પગલાંઓ માટે સજ્જઃ આ લડાઈમાં જનસમુદાયની સક્રિય ભાગીદારી અત્યંત અનિવાર્ય : આરોગ્ય રાજ્ય મંત્રી શ્રી પ્રફુલ પાનશેરીયા

સમગ્ર દેશમાં વર્ષ ૨૦૧૬થી પ્રતિ વર્ષ ૧૬ મે - "રાષ્ટ્રીય ડેન્ગ્યુ દિવસ" તરીકે ઉજવવામાં આવે છે. આ દિવસની ઉજવણીનો મુખ્ય હેતુ ડેન્ગ્યુ રોગના અસરકારક નિયંત્રણ માટે જનજાગૃતિ કેળવી જનસમુદાયની સક્રિય ભાગીદારી મેળવવાનો છે. આ વર્ષે ૧૧મા રાષ્ટ્રીય ડેન્ગ્યુ દિવસની થીમ **"Community Participation Dengue Control: Check, Clean and Cover"** (સમુદાયની ભાગીદારી થકી ડેન્ગ્યુ નિયંત્રણ કરીએઃ તપાસીએ, સાફ કરીએ અને ઢાંકીને રાખીએ) નિર્ધારિત કરવામાં આવી છે.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શન અને આરોગ્ય રાજ્ય મંત્રી શ્રી પ્રફુલ પાનશેરીયાના નેતૃત્વમાં રાજ્ય સરકાર ડેન્ગ્યુ નિયંત્રણ માટે સતર્ક છે. રાષ્ટ્રીય ડેન્ગ્યુ દિવસ" અંગે પ્રતિભાવ આપતા આરોગ્ય મંત્રીશ્રી પ્રફુલ પાનશેરીયાએ જણાવ્યું હતું કે, "રાજ્ય સરકાર ડેન્ગ્યુના અટકાયતી પગલાંઓ માટે સંપૂર્ણ સજ્જ છે, પરંતુ આ લડાઈમાં જનસમુદાયનો સાથ અને સહકાર અત્યંત અનિવાર્ય છે. " મંત્રીશ્રીએ વધુમાં જણાવ્યુ કે, રાજ્યમાં 'હાઉસ ટુ હાઉસ' સર્વે સહીતના અભિયાનો દ્વારા ડેન્ગ્યુને નિયંત્રિત કરવામાં આવી રહ્યો છે. જે અંતર્ગત આરોગ્ય વિભાગના આગોતરા આયોજનના ભાગરૂપે ૨૭ એપ્રિલ થી ૦૬ મે ૨૦૨૬ દરમિયાન રાજ્યવ્યાપી "હાઉસ ટુ હાઉસ" અભિયાનનું આયોજન કરવામાં આવ્યું હતું.

ડેન્ગ્યુથી કેવી રીતે બચવું ?

ડેન્ગ્યુ એ એડીસ ઈજીપ્તી મચ્છર દ્વારા ફેલાતો રોગ છે, જે ચોખ્ખા પાણીમાં ઈંડા મૂકે છે. જેથી પાણીના પાત્રો જેમ કે, ફ્રિઝની ટ્રે, એર કુલર, પક્ષીકુંજ અને કુંડા નીચેની ટ્રે દર અઠવાડિયે ખાલી કરી, ઘસીને સાફ કરવી. મચ્છરના ડંખથી બચવા આખી બાંયના કપડાં પહેરવા અને રાત્રે મચ્છરદાનીનો ઉપયોગ કરવો.

ઘરની આસપાસ ભંગાર, ટાયર કે નાળિયેરની કાચલીઓ જેવી વસ્તુઓ ખુલ્લામાં ન રાખવી જ્યાં પાણી ભરાઈ રહે. સખત તાવ કે સાંધાના દુખાવા જેવા લક્ષણો જણાય તો જાતે દવા લેવાને બદલે નજીકના સરકારી દવાખાનાનો સંપર્ક કરવો. ખાસ કરીને ડેન્ગ્યુની આશંકા હોય ત્યારે એસ્પિરિન **(Aspirin)** દવાનો ઉપયોગ ન કરવો.

આ અભિયાન અંતર્ગત કુલ ૨૩,૦૦૦થી વધુ ટીમો દ્વારા ૨ કરોડથી વધુ ઘરો, ઓફિસો અને ઔદ્યોગિક વસાહતોની મુલાકાત લેવામાં આવી હતી. આ તપાસ દરમિયાન ૧ લાખથી વધુ ઘરોમાં મચ્છરના પોરા **(Larvae)** મળી આવ્યા હતા અને તેનો સ્થળ પર જ નાશ કરવામાં આવ્યો હતો. આ ઉપરાંત આશરે ૨૭ લાખથી વધુ સંભવિત મચ્છર ઉત્પત્તિ સ્થાનોનો નિકાલ કરવામાં આવ્યો હતો તેમજ ૨.૫૬ લાખ જેટલા તાવના દર્દીઓના લોહીના નમૂના લઈ જરૂરી તપાસ હાથ ધરવામાં આવી હતી.

- પ્રિન્સ ચાવલા

# ૧૫ જૂન ના રોજ પશ્ચિમ રેલવેના અમદાવાદ ડિવિઝન પર પેન્શન અદાલતનું આયોજન



પશ્ચિમ રેલવેના અમદાવાદ ડિવિઝન પર નિવૃત્ત કર્મચારીઓના પેન્શન સંબંધિત પ્રશ્નોના ઝડપી નિકાલ માટે ૧૫ જૂન, ૨૦૨૬ (સોમવાર) ના રોજ પેન્શન અદાલતનું આયોજન કરવામાં આવશે.

સિનિયર ડિવિઝનલ પર્સનલ ઓફિસર શ્રી સિદ્ધાર્થના જણાવ્યા મુજબ અમદાવાદ ડિવિઝનમાંથી જે પણ કર્મચારી સેવાનિવૃત્ત થયા છે તે પેન્શનરો/ફેમિલી પેન્શનરોની પેન્શન સંબંધિત ફરિયાદોના નિરાકરણ માટે ડિવિઝનલ રેલવે મેનેજર ઑફિસ, અમદાવાદ ખાતે ૧૫.૦૬.૨૦૨૬ ના રોજ પેન્શન અદાલતનું આયોજન કરવામાં આવ્યું છે.

અમદાવાદ ડિવિઝનમાંથી રેલ્વે સેવામાંથી નિવૃત્ત થયેલા તમામ કર્મચારીઓ, પેન્શનરો/ફેમિલી પેન્શનરો અને પેન્શન સંબંધિત ફરિયાદો હોય, તેઓ તેમની અરજી (ત્રણ પ્રતિકૃતિમાં) ડિવિઝનલ રેલવે મેનેજર (સ્થાપના) ઑફિસ, અમદાવાદ ડિવિઝન પશ્ચિમ રેલવે, જીસીએસ હૉસ્પિટલ ની સામે અમદુપુરા અમદાવાદ માં તારીખ ૦૧.૦૬.૨૦૨૬ સુધી સબમિટ કરી શકે છે.

કૃપા કરીને અરજીમાં તમારું નામ, હોદ્દો, છેલ્લો પગાર, ભરતીની તારીખ, નિવૃત્તિની તારીખ, **PPO** નકલ અને ફરિયાદનો પ્રકાર દાખલ કરો.

# ડિપ્લોમા એડમિશન પ્રક્રિયાને સરળ બનાવવા માટે આર.સી. ટેકનિકલ ઈન્સ્ટિટ્યૂટ ખાતે બે દિવસ માર્ગદર્શન સેમિનાર યોજાશે

ધોરણ ૧૦ પછી પ્રોફેશનલ ડિપ્લોમા અભ્યાસક્રમોમાં પ્રવેશ મેળવવા ઈચ્છતા વિદ્યાર્થીઓ અને તેમના વાલીઓ માટે એક મહત્વપૂર્ણ માર્ગદર્શન માટે એડમિશન કમિટી ફોર પ્રોફેશનલ ડિપ્લોમા કોર્સિસ , અમદાવાદની નોડલ સંસ્થા આર.સી. ટેકનિકલ ઈન્સ્ટિટ્યૂટ , અમદાવાદ દ્વારા ડિપ્લોમા એડમિશન માર્ગદર્શન સેમિનારનું વિશેષ આયોજન કરવામાં આવ્યું છે.

સેમિનારનો મુખ્ય ઉદ્દેશ્ય - ધોરણ ૧૦ પછી પ્રથમ વર્ષ ડિપ્લોમા તેમજ સી-ટુ-ડી **(C2D)** અંતર્ગત બીજા વર્ષના ડિપ્લોમા ઈજનેરી અભ્યાસક્રમોમાં ઓનલાઈન પ્રવેશ મેળવવાની સમગ્ર પ્રક્રિયા જટિલ હોય છે. આ પ્રવેશ પ્રક્રિયા અને તેની ઓનલાઈન પદ્ધતિને સમજવામાં વિદ્યાર્થીઓ તેમજ વાલીઓને પડતી મુશ્કેલીઓ નિવારી શકાય અને તેમને વિગતવાર સચોટ સમજણ મળી રહે તે હેતુથી આ સેમિનાર યોજવામાં આવી રહ્યો છે. અમદાવાદના તજજ્ઞ અધિકારીઓ દ્વારા આ સેમિનારમાં રૂબરૂ માર્ગદર્શન પૂરું પાડવામાં આવશે.

આ સેમિનાર તારીખઃ ૨૨/૦૫/ ૨૦૨૬ તથા ૧૨/૦૬/૨૦૨૬ સમયઃ સવારે ૧૧:૦૦ કલાકે એનેક્સી બિલ્ડિંગ, આર.સી. ટેકનિકલ ઈન્સ્ટિટ્યૂટ **(RCI)**, અમદાવાદ ખાતે યોજાનાર છે. આ સેમિનારમાં ડિપ્લોમા એડમિશનને લગતા તમામ પ્રશ્નો અને મૂંઝવણોનું નિરાકરણ લાવવામાં આવશે. આથી, પ્રવેશ મેળવવા ઈચ્છુક તમામ વિદ્યાર્થીઓ અને તેમના વાલીઓને આ માર્ગદર્શન સેમિનારનો વધુમાં વધુ લાભ લેવા માટે સંસ્થા તરફથી ખાસ અનુરોધ કરવામાં આવ્યો છે.

# બિલાસપુર મંડળમાં નોન-ઈન્ટરલોકિંગ કામગીરીને કારણે પોરબંદરથી ચાલતી બે જોડી ટ્રેનો રદ

દક્ષિણ પૂર્વ મધ્ય રેલવેના બિલાસપુર મંડળમાં ઓટોમેટિક સિગ્નલિંગ સિસ્ટમ સ્થાપિત કરવા માટે ચાલી રહેલી નોન-ઈન્ટરલોકિંગ કામગીરીને કારણે પશ્ચિમ રેલવેના ભાવનગર મંડળમાંથી પસાર થતી બે જોડી ટ્રેનોને રદ કરવામાં આવી છે. ભાવનગર મંડળના વરિષ્ઠ મંડળ વાણિજ્ય પ્રબંધક શ્રી અતુલ કુમાર ત્રિપાઠીના જણાવ્યા મુજબ, રદ કરાયેલી ટ્રેનોની વિગતો નીચે મુજબ છેઃ

રદ કરાયેલી ટ્રેનોઃ

૧. તા. ૧૦.૦૬.૨૦૨૬ અને ૧૧.૦૬.૨૦૨૬ના રોજ પોરબંદરથી પ્રસ્થાન કરતી ટ્રેન નંબર ૧૨૯૦૫ પોરબંદર–શાલીમાર એક્સપ્રેસ રદ રહેશે.

૨. તા. ૧૨.૦૬.૨૦૨૬ અને ૧૩.૦૬.૨૦૨૬ના રોજ શાલીમારથી પ્રસ્થાન કરતી ટ્રેન નંબર ૧૨૯૦૬ શાલીમાર–પોરબંદર એક્સપ્રેસ રદ રહેશે.

૩. તા. ૧૨.૦૬.૨૦૨૬ના રોજ પોરબંદરથી પ્રસ્થાન કરતી ટ્રેન નંબર ૧૨૯૪૯ પોરબંદર–સાંતરાગાછી એક્સપ્રેસ રદ રહેશે.

૪. તા. ૧૪.૦૬.૨૦૨૬ના રોજ સાંતરાગાછીથી પ્રસ્થાન કરતી ટ્રેન નંબર ૧૨૯૫૦ સાંતરાગાછી–પોરબંદર એક્સપ્રેસ રદ રહેશે.

# વિશ્વ ટેલિકોમ દિવસઃ ડિજિટલ ક્રાંતિથી ખેડૂતોના આંગણે પહોંચી સરકાર

આજે જ્યારે આપણે 'વિશ્વ ટેલિકોમ દિવસ' ઉજવી રહ્યા છીએ, ત્યારે ટેલિકોમ્યુનિકેશન માત્ર વાતચીતનું સાધન મટીને વિકાસનું એન્જિન બની ગયું છે. ગુજરાત અને ભારત સરકારની વિવિધ યોજનાઓ આજે ટેકનોલોજીના માધ્યમથી છેવાડાના માનવી સુધી પહોંચી રહી છે. આ ક્રાંતિમાં **i-Khedut** જેવા પોર્ટલ્સે ખેડૂતો અને સરકાર વચ્ચેના અંતરને સાવ નાબૂદ કરી દીધું છે. અગાઉના સમયમાં ખેડૂતોને સરકારી સહાય કે સબસિડી મેળવવા માટે કચેરીઓના ધક્કા ખાવા પડતા હતા, પરંતુ **i-Khedut** પોર્ટલે આખી પ્રક્રિયાને પારદર્શક અને સરળ બનાવી દીધી છે. ખેડૂત પોતાના મોબાઈલ કે ગ્રામ પંચાયતમાંથી જ ટ્રેક્ટર, ટપક સિંચાઈ કે બિયારણની સહાય માટે ઓનલાઈન ફોર્મ ભરી શકે છે. તથા અરજીની સ્થિતિ શું છે તે જાણવા માટે હવે કોઈ અધિકારીની મહેરબાની પર નિર્ભર રહેવું પડતું નથી. બજાર ભાવ**(APMC rates)** થી લઈને હવામાનની આગાહી સુધીની તમામ વિગતો એક ક્લિક પર ઉપલબ્ધ છે. ટેકનોલોજીનો સૌથી મોટો ફાયદો **Direct Benefit Transfer (DBT)** એટલે કે સીધા લાભાર્થીના ખાતામાં સહાય જમા થવાની પદ્ધતિ છે. આ વ્યવસ્થાએ ભ્રષ્ટાચારના દ્વાર બંધ કરી દીધા છે અને નાગરિકોનો સરકાર પર ભરોસો વધાર્યો છે. ગ્રામીણ રોજગાર યોજનાના વેતનથી લઈને પી.એમ. કિસાન સમ્માન નિધિના હપ્તા સીધા બેંક ખાતામાં જમા થાય છે. હવે "ચેક ખોવાઈ જવાની" કે "રોકડ ઓછી મળવાની" કોઈ ફરિયાદ રહેતી નથી. આધાર કાર્ડ અને બેંક ખાતાના જોડાણને કારણે ડુપ્લીકેટ લાભાર્થીઓ દૂર થયા છે, જેથી સાચા અને જરૂરિયાતમંદ નાગરિકોને પૂરેપૂરો લાભ મળી રહ્યો છે. ટેલિકોમ નેટવર્ક મજબૂત થવાને કારણે ગામડાનો સામાન્ય નાગરિક પણ હવે ગૂગલ પે કે નેટ બેંકિંગનો ઉપયોગ કરતો થયો છે, જે આર્થિક આઝાદીની દિશામાં મોટું કદમ છે. વિશ્વ ટેલિકોમ દિવસ આપણને યાદ અપાવે છે કે જો ટેકનોલોજીનો સાચો ઉપયોગ કરવામાં આવે, તો તે ગરીબી નિર્મૂલન અને ગ્રામીણ વિકાસનું સૌથી સચોટ શસ્ત્ર બની શકે છે. **i-Khedut** અને **DBT** જેવી વ્યવસ્થાઓ આજે ગુજરાતના વિકાસ મોડલની કરોડરજ્જુ સાબિત થઈ રહી છે. ખેડૂતો માટે આ પોર્ટલ માત્ર ફોર્મ ભરવા પૂરતું મર્યાદિત નથી, પણ તે એક સંપૂર્ણ 'એગ્રી-સોલ્યુશન' છે. ટ્રેક્ટર, પાવર ટિલર, કાપણીના સાધનો, સોલાર પેનલ અને ગોડાઉન બનાવવા માટેની સબસિડીની માહિતી અને ઓનલાઈન અરજી તથા દૂધાળા પશુઓની ખરીદી, તબેલા બનાવવા, અને પશુઓના ઘાસચારા માટેના સાધનો પર મળતી સહાય અને ફળ-ફૂલની ખેતી, ગ્રીન હાઉસ, નેટ હાઉસ અને ડ્રિપ ઈરિગેશન (ટપક સિંચાઈ) માટેની અરજીઓ સાથે માછીમારો માટે બોટ, જાળ અને અન્ય સાધનોની સહાય પણ મળે છે. ટેલિકોમ ક્રાંતિનો લાભ માત્ર ખેડૂતોને જ નહીં, પણ સામાન્ય નાગરિકોને પણ મળી રહ્યો છે. જેમાં વિવિધ પોર્ટલ દ્વારા વિદ્યાર્થીઓ શિષ્યવૃત્તિ મેળવી શકે છે, તેમજ રેશન કાર્ડ, જાતિના દાખલા અને આવકના દાખલા માટે ઓનલાઈન અરજી કરી શકાય છે. જમીનના ૭/૧૨ અને **8-A** ના ઉતારા ઘરે બેઠા ઓનલાઈન જોઈ શકાય છે અને ડાઉનલોડ કરી શકાય છે. તેમજ **UMANG App:** આ એક 'ઓલ-ઈન-વન' એપ છે જેમાં કેન્દ્ર અને રાજ્ય સરકારની સેંકડો સેવાઓ (જેવી કે **PF**, ગેસ સિલિન્ડર બુકિંગ, પાન કાર્ડ) એકસાથે મળે છે. તથા **Vahan & Sarathi** એપ દ્વારા ડ્રાઈવિંગ લાયસન્સ અને વાહન રજીસ્ટ્રેશન સંબંધિત તમામ કામગીરી હવે ડિજિટલ થઈ ગઈ છે. ટેકનોલોજીના પ્રભાવથી નાગરિકોને સરકારી સહાય સીધી તેમના બેંક ખાતામાં મળતી થતાં મહત્ત્વપૂર્ણ સુવિધા મળી છે. હવે કચેરીઓમાં લાંબી લાઈનોમાં ઊભા રહેવાની કે વારંવાર ધક્કા ખાવાની જરૂરિયાત રહી નથી. વધુમાં, અરજી મંજૂર થાય કે ખાતામાં રકમ જમા થાય ત્યારે તરત જ રજિસ્ટર્ડ મોબાઈલ નંબર પર મેસેજ મળતા પારદર્શિતામાં વધારો થયો છે. આ સાથે, ભારતમાં 5G સેવાઓના વિસ્તરણને કારણે ભવિષ્યમાં ખેતી ક્ષેત્રે પણ ક્રાંતિજનક બદલાવ જોવા મળશે. ખેડૂતોએ ડ્રોન દ્વારા જંતુનાશક છંટકાવ, સેન્સર દ્વારા જમીનની ફળદ્રુપતા માપણી અને આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ દ્વારા પાકના રોગોનું નિદાન જેવી આધુનિક સુવિધાઓનો લાભ લઈ શકશે. મજબૂત ટેલિકોમ નેટવર્ક અને સરકારની 'ડિજિટલ ઈન્ડિયા' પહેલ આ પરિવર્તનના મુખ્ય આધારસ્તંભ બની રહ્યા છે.

# સાંતેજ-વડસર રોડ પર ખાનગી કંપનીમાં ભીષણ આગ લાગી

(સંપૂર્ણ સમાચાર સેવા)અમદાવાદ

અમદાવાદના સરહદી વિસ્તાર ગણાતા સાંતેજ-વડસર રોડ પર આજે વહેલી સવારે એક ખાનગી કંપનીમાં અચાનક ભીષણ આગ ફાટી નીકળતાં અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. આગની તીવ્રતાને જોતાં તાત્કાલિક ફાયર વિભાગને જાણ કરવામાં આવી હતી.મળતી માહિતી અનુસાર, સાંતેજ-વડસર માર્ગ પર આવેલી એક ખાનગી કંપનીમાં વહેલી સવારે અચાનક આગ લાગી હતી. કંપનીમાં રહેલા કેમિકલ અથવા અન્ય જ્વલનશીલ પદાર્થોના કારણે આગે જોતજોતામાં વિકરાળ સ્વરૂપ ધારણ કરી લીધું હતું અને ધુમાડાના ગોટેગોટા દૂર-દૂર સુધી જોવા મળ્યા હતા.

ઘટનાની ગંભીરતાને ધ્યાને રાખીને ફાયર કંટ્રોલ રૂમ દ્વારા તાત્કાલિક પગલાં લેવામાં આવ્યા હતા . ફાયર વિભાગની કુલ ૫ ગાડીઓ તાબડતોબ ઘટનાસ્થળે દોડી ગઈ હતી. ફાયર ફાઈટરોના જવાનો દ્વારા ચારેય તરફથી પાણીનો મારો ચલાવીને આગ પર કાબૂ મેળવવાની કામગીરી વહેલી સવારથી જ શરૂ કરી દેવામાં આવી હતી.આગ કયા કારણોસર લાગી (શોર્ટ સર્કિટ કે અન્ય કોઈ ટેકનિકલ ખામી) તે હજી સુધી સત્તાવાર રીતે જાણી શકાયું નથી. વહેલી સવારનો સમય હોવાથી કંપનીમાં કેટલા કર્મચારીઓ હાજર હતા અને કોઈ ફસાયું છે કે નહીં, તે અંગે વહીવટી તંત્ર અને સ્થાનિક પોલીસ દ્વારા તપાસ કરવામાં આવી રહી છે. હાલમાં ફાયર બ્રિગેડની ટીમ દ્વારા આગને વધુ ફેલાતી અટકાવવા માટેના સઘન પ્રયાસો ચાલુ છે.

# પેટ્રોલ, ડીઝલના ભાવમાં આજથી રૂપિયા ૩ના વધારા સાથે CNGમાં રૂપિયા ૨ નો વધારો થતાં પ્રજાના મગજમાં થયો ધખારો(ગરમી)

(છગનલાલ મેવાડા ધ્વારા) સુરત

અમેરિકા-ઈરાન યુધ્ધને કારણે આંતરરાષ્ટ્રીય બજારમાં ક્રુડ ઓઈલની કિંમતમાં થયેલા વધારાની અસર આખરે ભારત પર વર્તાવા માંડી છે. અને શુક્રવારે પેટ્રોલ અને ડીઝલના ભાવમાં પ્રતિ લિટરે રૂપિયા ૩ નો વધારો કરવામાં આવ્યો હતો. સમાચાર એજન્સી PTI અનુસાર મધ્ય પૂર્વમાં ચાલી રહેલા સંઘર્ષને કારણે આ વધારો થયો છે. વિરોધ પક્ષોએ પહેલેથી આશંકા વ્યકત કરી હતી કે પાંચ રાજ્યોમાં ચૂંટણીઓ પૂર્ણ થતા જ મોદી સરકાર પેટ્રોલ અને ડીઝલના ભાવમાં વધારો કરશે. જોકે તે સમયે સરકારે આ દાવાઓને નકારી કાઢયા હતા. ચૂંટણી પરિણામો ૦૪ મે ના રોજ જાહેર થયા હતા. આજે ૧૫ મે ના રોજ સરકારે આખરે પેટ્રોલ અને ડીઝલના ભાવમાં વધારો કર્યો છે. આ પગલાથી ફુગાવો વધવાની ધારણા છે. દિલ્હીમાં નવા દરો અનુસાર પેટ્રોલનો ભાવ રૂપિયા ૯૪.૭૭ થી વધીને રૂપિયા ૯૭.૭૭ પ્રતિ લિટર થયો છે. જ્યારે ડીઝલનો ભાવ રૂપિયા ૮૭.૬૭ થી વધીને ૯૦.૬૭ રૂપિયા પ્રતિ લીટર થયો છે. આ વધારા સાથે દિલ્હીમાં પેટ્રોલના ભાવ રૂપિયા ૧૦૦ ની નજીક પહોંચી ગયા છે.

• CNG ના ભાવમાં રૂપિયા ૨ નો વધારો

દિલ્હીમાં સીએનજીના ભાવમાં પ્રતિ કિલોગ્રામ રૂા.૨ નો વધારો કરવામાં આવ્યો છે. CNG ના ભાવ હવે રૂપિયા ૭૭.૦૯ પ્રતિ કિલોગ્રામ થી વધીને રૂપિયા ૭૯.૦૯ પ્રતિ કિલોગ્રામ થયા છે. એક દિવસ પહેલા જ મુંબઈમાં CNG ના ભાવમાં પણ રૂપિયા ૨ નો વધારો કરવામાં આવ્યો હતો. પરિણામે મુંબઈ મેટ્રો પોલીટન રીઝન (MMR) માં CNG ના ભાવમ હવે રૂપિયા ૮૪ પ્રતિ કિલોગ્રામ થશે. સરકાર જણાવે છે કે, અત્યાર સુધી ભારતે વૈશ્વિક સ્તરે ક્રુડ ઓઈલના ભાવમાં વધારો અને મધ્ય પૂર્વમાં બગડતી પરિસ્થિતિ છતાં રિટેલ ઈંધણના ભાવમાં મોટો વધારો કરવાનું ટાળ્યું હતું. જો કે વધતા દબાણના પ્રતિભાવમાં આ પગલું હવે લેવામાં આવ્યું છે.

### દેશમાં સાયબર છેતરપિંડી કેમ વધી રહી છે?

# આજ ના ટેક્નોલોજિકલ યુગમાં પણ સુરક્ષા એજન્સીઓ કેમ સાયબર છેતરપિંડી કરનારાઓ સુધી પહોંચી શકતી નથી?

**અભણ કે અર્ધશિક્ષિત તો ઠીક પરંતુ સુશિક્ષિત લોકો પણ આ સાયબર અપરાધો સામે જાગૃત નથીઃ અથવા તો એમની પાસે આ અંગેનું જ્ઞાન નથીઃ અને એને કારણે સાયબર ક્રાઈમ વાયરસની માફક ફેલાઈ રહ્યો છે**

(છગનલાલ મેવાડા ધ્વારા) સુરત

આજના યુગમાં આપણે ત્યાં જે પ્રમાણે ડિજિટલાઈઝેશન જોઈએ એવું ''ફુલ પ્રુફ'' નથી અને જે સલામત હોવાના દાવા કરાય છે એ પણ સલામત નથી.

પરિણામે માત્ર આર્થિક લેવડ-દેવડ જ નહીં પણ જાતજાતના સાયબર અપરાધો દેશમાં બની રહ્યા છે. અને દિવસે દિવસે એમાં વધારો થઈ રહ્યો છે. સાથે સાથે એને રોકવા માટે સરકારે બનાવેલું સાયબર તંત્ર સાવ વામણું સાબિત થઈ રહ્યું છે. અને એનું મુખ્ય કારણ વધતાં ગુનાઓને પહોંચી વળવા માટે સાયબર તંત્રનું મહેકમ પણ ખૂબ મર્યાદિત સાબિત થઈ રહ્યું છે. ત્યારે ભણેલા લોકો પણ આવા અપરાધો સામે જાગૃતતા નથી બતાવતા અને પછી સાયબર ક્રાઈમનો શિકાર બની પોલીસ પાસે જાય છે. કારણ પ્રજાને જ્ઞાન નથી અથવા સજાગ નથી. એને કારણે સાયબર અપરાધોની સંખ્યા વધતી જાય છે જેને અટકાવવા તંત્રનો પનો ટૂંકો પડે છે.

પરંતુ એટલું જ નહીં ઘણા કિસ્સાઓમાં તો સાયબર ગુનાઓને રોકનાર સરકારી તંત્ર કરતાં સાયબર અપરાધીઓ ઘણા આગળ અને ચતુર સાબિત થઈ રહ્યા છે. ડિજિટલ એરેસ્ટથી માંડીને જાતજાતના પેંતરાઓ દ્વારા ગ્રાહકોના ખાતામાંથી લાખો-કરોડો રૂપિયા આંખના પલકારામાં ગાયબ થઈ જાય છે અને પછી એનો કોઈ અતોપતો મળતો નથી. એક બાજુ કહેવા ખાતર કડકાઈ અને જાગૃતિના દાવા છતાં, સાયબર છેતરપિંડી અટકતી નથી બલ્કે વધી રહી છે? દર વર્ષે લાખો નાની-મોટી સાયબર ફરિયાદો દેશભરમાં નોંધાય છે. માનવીએ જીવનભર મહેનતથી કમાયેલા પૈસા ક્ષણવાર માં ગુમાવવા પડે છે. આજના સમયમાં સાયબર ગુનેગારો દર વર્ષે કરોડો રૂપિયાની છેતરપિંડી કરી રહ્યા છે અને તપાસ એજન્સીઓ તેમના સુધી પહોંચી શકતી નથી. પરિણામે ગુનેગારો નાગરિકોને કોઈને કોઈ સ્વરૂપમાં લલચાવીને અથવા ધમકી આપીને પોતાનો ભોગ બનાવતા રહે છે. આના પરિણામે ગયા વર્ષે અ.ધ.ધ.ધ ૨૨ હજાર ૮૪૫ કરોડ રૂપિયાથી વધુની સાયબર છેતરપિંડી થઈ હતી. જ્યારે વર્ષ ૨૦૨૩ માં આંકડો ૭૪૬૫ કરોડ રૂપિયાનો જ હતો. ગૃહ રાજ્યમંત્રીએ લોકસભામાં આપેલી આ માહિતી એ ચિંતા વધારી છે. આ આંકડા જોતા એમ લાગે છે કે પોલીસ તંત્ર સાયબર ગુનેગારો પર લગામ લગાવવામાં નિષ્ફળ ગયું છે. આખરે સામાન્ય નાગરિકોએ વ્યાપક સ્તરે જાગૃત થવાની જરૂર છે અને એમને જાગૃત કરવાની પણ એટલી જ જરૂર છે.

# જિલ્લા કલેક્ટર ભવ્ય વર્માના અધ્યક્ષસ્થાને જિલ્લા સંકલન સમિતિની બેઠક યોજાઈ



**સંકલનના પ્રશ્નોનું સત્વરે હકારત્મક નિવારણ લાવવા અધિકારીઓને અનુરોધ કરતાં કલેક્ટર અને જિલ્લા મેજિસ્ટ્રેટ**

અમદાવાદ કલેક્ટર અને જિલ્લા મેજિસ્ટ્રેટ ભવ્ય વર્માના અધ્યક્ષસ્થાને જિલ્લા સંકલન સમિતિની બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં પુછાયેલા પ્રશ્નોને પ્રાધાન્ય આપી, તેનું સત્વરે હકારાત્મક નિરાકરણ લાવવા સંબંધિત અધિકારીઓને અનુરોધ કરાયો હતો. જિલ્લા કલેક્ટરે સંબંધિત અધિકારીઓને જણાવ્યું હતું કે સંકલનમાં પુછાયેલા પ્રશ્નોનો ઊંડાણપૂર્વક અભ્યાસ કરી, ત્વરિત નિયમાનુસાર કાર્યવાહી થાય તે જરૂરી છે. વધુમાં, આચારસંહિતાના અમલના કારણે પડતર રહેલાં માર્ગ અને મકાન વિભાગનાં વિવિધ કામો સત્વરે હાથ પણ સૂચના આપી હતી. આ બેઠકમાં ગ્રામ્ય વિસ્તારમાં પીવાના તેમજ સિંચાઈના પાણીના પ્રશ્નો, નદીમાંથી કાંપ કાઢી તેને ઊંડી કરવી, વરસાદી પાણીનો નિકાલ, કિસાન સન્માન નિધિ, ગૌચરની જમીન, તળાવના પાણીના પ્રશ્નો, ડેટા એન્ટ્રી, ગટરના પ્રશ્નો, હાઈવે આસપાસનાં દબાણો દૂર કરવા, રેલવે સ્ટોપેજ સહિત ગ્રામ્ય વિસ્તારના પ્રાથમિક અને માળખાકીય સુવિધાઓના પ્રશ્નોની ચર્ચા કરી હકારત્મક નિવારણ કરાયું હતું. જ્યારે અન્ય પ્રશ્નોમાં રાજ્યસભા સાંસદની ગ્રાન્ટનાં બાકી કામો, શહેરી વિસ્તારના વિવિધ પ્રશ્નોમાં રેલવેને લગતા વિવિધ પ્રશ્નો, વીજળી, ટ્રાફિક, દબાણ, કાયદો અને વ્યવસ્થા, નવી પોસ્ટ ઑફિસ સહિતના પ્રશ્નોની ચર્ચા કરી ઉકેલ લાવવા સંબંધિત અધિકારીઓને સૂચના અપાઈ હતી. આ બેઠકમાં રાજ્યસભા સાંસદ શ્રી નરહરિ અમીન, ધારાસભ્યો સવશ્રી કિરીટસિંહ ડાભી, કાળુભાઈ ડાભી, બાબુભાઈ પટેલ, કનુભાઈ પટેલ, અમિત ઠાકર, શ્રીમતી પાયલ કુકરાણી તથા કંચનબેન રાદડિયા, કૌશિક જૈન, જીતુભાઈ પટેલ, અમૂલ ભટ્ટ, હર્ષદ પટેલ, અમિત શાહ, દિનેશસિંહ કુશવાહ, જિલ્લા વિકાસ અધિકારી વિદેહ ખરે, જિલ્લા પોલીસ અધિક્ષક ઓમ પ્રકાશ જાટ, અમદાવાદ શહેરના પોલીસ અધિકારીઓ, નિવાસી અધિક કલેક્ટર ભાવિન સાગર સહિત સંકલનના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# શિક્ષણ મંત્રી શ્રી ડો.પ્રદ્યુમન વાજાની પ્રોત્સાહક ઉપસ્થિતિમાં ગુજરાત ટેક્નોલોજીકલ યુનિવર્સિટીનો ૧૯મો સ્થાપના દિવસ ઉજવાયો

**વિદ્યાર્થીઓ માટે પડકારો એ અટકવાનું કારણ નથી, પરંતુ પોતાની આંતરિક ક્ષમતાઓને ઓળખીને આગળ વધવાની એક ઉત્તમ તક છે :-શિક્ષણ મંત્રી શ્રી ડો.પ્રદ્યુમન વાજા**




શિક્ષણ મંત્રી શ્રી ડો.પ્રદ્યુમન વાજાની પ્રોત્સાહક ઉપસ્થિતિમાં ગુજરાત ટેક્નોલોજીકલ યુનિવર્સિટી (જીટીયુ)ના ૧૯મા સ્થાપના દિવસની ઉજવણી કરવામાં આવી હતી. શિક્ષણ મંત્રીશ્રીએ નવીનીકરણ પામેલા જીટીયુ વેન્ચર્સ ઈન્ક્યુબેશન સેન્ટરનું ઉદ્ઘાટન કર્યું હતું તેમજ સ્કૂલ ઓફ એપ્લાઈડ સાયન્સ એન્ડ ટેકનોલોજી ખાતે સ્થાપિત જિનોમિક્સ ક્ષેત્રના ઉત્કૃષ્ટતા કેન્દ્રનું પણ ઉદ્ઘાટન કર્યું હતું.

સ્થાપના દિવસ નિમિત્તે જીટીયુ દ્વારા અનેક મહત્વપૂર્ણ પ્રકલ્પોનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું. કાર્યક્રમ દરમિયાન જીટીયુની ગૌરવગાથા દર્શાવતું પુસ્તક 'જીટીયુ લિગસી બૂક' તથા સ્ટાર્ટઅપની સફળતાની સ્ટોરીઝ દર્શાવતું પુસ્તક 'જીટીયુ સ્ટાર્ટ અપ સ્ટોરીઝ' પ્રકાશિત કરવામાં આવ્યું હતું. સાથે સાથે આર્ટીફિશિયલ ઈન્ટેલિજન્સ અને ઈમર્જિંગ ટેકનોલોજી માટેના સેન્ટર ઓફ એક્સેલન્સ તથા નેનો સેટેલાઈટ ટેકનોલોજી સેન્ટરનું ડિજિટલ લોન્ચિંગ પણ આ તકે કરવામાં આવ્યું હતું.

રાજ્યમાં નવીનતા અને કુશળતા વિકાસને વધુ મજબૂત બનાવવા જીટીયુ વેન્ચર્સ અંતર્ગત મહેસાણા, સુરત, વલ્લભ વિદ્યાનગર અને રાજકોટ ખાતે રિજનલ સ્કીલ એન્ડ ઈનોવેશન હબનું ઉદ્ઘાટન પણ આ પ્રસંગે કરવામાં આવ્યું હતું.

શિક્ષણ મંત્રી શ્રી ડૉ. પ્રદ્યુમન વાજાએ રાજ્યમાં ટેકનિકલ શિક્ષણ અને કૌશલ્ય વિકાસ ક્ષેત્રે જીટીયુના યોગદાનની પ્રશંસા કરી હતી. તેમણે જણાવ્યું હતું કે, વર્ષ ૨૦૦૭માં તત્કાલીન મુખ્યમંત્રી અને વર્તમાન વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની દીર્ઘદ્રષ્ટિથી સ્થાપિત જીટીયુ આજે દેશના ટેકનિકલ શિક્ષણને નવી દિશા આપી રહ્યું છે. યુનિવર્સિટીએ 'જીટીયુ સારથી' AI ચેટબોટ અને ડિજિટલ ડિગ્રી જેવા પ્રકલ્પો દ્વારા ડિજિટલ ક્રાંતિનું શ્રેષ્ઠ ઉદાહરણ પૂરું પાડ્યું છે. આ ઉપરાંત, સેમિકન્ડક્ટર અને ક્વોન્ટમ કમ્પ્યુટિંગ જેવી ડીપ ટેક ટેકનોલોજી સાથે સ્ટાર્ટઅપ્સને સાંકળવા માટે GISCને હવે 'જીટીયુ વેન્ચર્સ' તરીકે નવા અવતારમાં વિકસાવવામાં આવ્યું છે, જે આગામી સમયમાં ગ્લોબલ ટેકનોલોજી લીડર્સ ઊભા કરશે.

તેમણે વધુમાં ઉમેર્યું હતું કે, સોલર પાવર અને ઝીરો વેસ્ટ ડિસ્ચાર્જની અત્યાધુનિક સુવિધાઓ સાથે આકાર પામી રહેલું યુનિવર્સિટીનું નવું કેમ્પસ સસ્ટેનેબિલિટી અને ગ્રીન ટેકનોલોજીનું ઉત્તમ પ્રતીક બનશે. મંત્રીશ્રીએ આ અવસરે જીટીયુ પરિવારને આહ્વાન કર્યું હતું કે, સરકાર, ઉદ્યોગ જગત અને શિક્ષણવિદો સાથે મળીને આ સંસ્થાને એવી વૈશ્વિક ઊંચાઈ પર લઈ જઈએ જે વડાપ્રધાનશ્રીના 'આત્મનિર્ભર ભારત' અને 'વિકસિત ભારત'ના સપનાને સાર્થક કરવામાં મહત્તમ યોગદાન આપે. તેમણે વિદ્યાર્થીઓને ભગવાન બુદ્ધના 'અપ્પ દીપો ભવ'ના મંત્ર સાથે પડકારો ઝીલીને આગળ વધવા પ્રેરણા આપી હતી.

જીટીયુના કુલપતિ ડૉ. રાજુલ કે. ગજ્જરે પોતાના સંબોધનમાં સંશોધન આધારિત શિક્ષણ, ઉદ્યોગ સહયોગ, સ્ટાર્ટઅપ ઈકોસિસ્ટમ અને વિદ્યાર્થીકેન્દ્રિત પહેલોને રેખાંકિત કરી હતી. તેમણે જણાવ્યું હતું કે, ૧૯ વર્ષની ગૌરવપૂર્ણ સફરમાં જીટીયુ ૨.૭ લાખથી વધુ વિદ્યાર્થીઓ અને ૪૮૬ સંસ્થાઓ સાથે વૈશ્વિક સ્તરે વિસ્તર્યું છે. યુનિવર્સિટીએ પ્રથમ સાયકલમાં જ 'NAAC A+' ગ્રેડ અને GSIRFનું ફાઈવ-સ્ટાર રેટિંગ મેળવ્યું છે. જીટીયુના સફળ ઈન્ક્યુબેશન મોડલ હેઠળ હાલ ૮૩૫ સ્ટાર્ટઅપ્સ કાર્યરત છે, જેણે ૪,૮૫૦થી વધુ રોજગારીનું સર્જન કરીને આપણા વિદ્યાર્થીઓને નોકરી શોધનારા નહીં પણ 'નોકરી આપનારા' બનાવ્યા છે.

તેમણે ઉમેર્યું હતું કે, છેલ્લા પાંચ વર્ષમાં જીટીયુએ ૩૦૦ પેટન્ટ્સ અને ૧૧૦૦થી વધુ રિસર્ચ પબ્લિકેશન્સ નોંધાવ્યા છે. માઈક્રોસોફ્ટ, ટીસીએસ અને એલએન્ડટી જેવી વૈશ્વિક કંપનીઓના સહયોગથી દર વર્ષે હજારો વિદ્યાર્થીઓને એડવાન્સ સ્કીલિંગ પ્રોગ્રામનો લાભ મળી રહ્યો છે. આગામી સમયમાં ગાંધીનગરના લેકાવાડા ખાતે આકાર પામનાર નવું અત્યાધુનિક કેમ્પસ એડવાન્સ સેન્ટર ઓફ એક્સેલન્સ અને ઈનોવેશન હબ જેવી સુવિધાઓથી સજ્જ હશે, જે યુનિવર્સિટીને વૈશ્વિક સ્તરની 'ગ્લોબલ નોલેજ ઈન્સ્ટિટ્યુશન' તરીકે પ્રસ્થાપિત કરશે. સ્થાપના દિવસ કાર્યક્રમમાં યુનિવર્સિટીની શૈક્ષણિક ગુણવત્તા, રિસર્ચ, ઈનોવેશન, સ્ટાર્ટઅપ કલ્ચર અને સામાજિક પ્રતિબદ્ધતાના વિવિધ આયામોને ઉજાગર કરવામાં આવ્યા હતા. કાર્યક્રમ અંતર્ગત વિવિધ ક્ષેત્રોમાં ઉત્કૃષ્ટ કામગીરી કરનાર યુનિવર્સિટીની સંસ્થાઓ, પ્રાધ્યાપકો, સંશોધકો અને કર્મચારીઓને સન્માનિત કરવામાં આવ્યા હતા.

કાર્યક્રમમાં જીટીયુ દ્વારા કુલ ૧૪ સંસ્થાઓના ૨૬ અભ્યાસક્રમોને રાષ્ટ્રીય માન્યતા પ્રાપ્ત કરવા બદલ સન્માનિત કરવામાં આવ્યા હતા, જે ગુણવત્તાસભર ટેકનિકલ શિક્ષણ પ્રત્યે યુનિવર્સિટીની પ્રતિબદ્ધતાનું પ્રતિબિંબ છે.

પ્રાધ્યાપક સન્માન યોજના અંતર્ગત કુલ ૨૨ પ્રાધ્યાપકોને વિવિધ શ્રેણીઓમાં સન્માનિત કરવામાં આવ્યા હતા. વહીવટી ક્ષેત્રમાં ઉત્તમ કામગીરી બદલ યુનિવર્સિટીના ૭ કર્મચારીઓને શ્રેષ્ઠ કર્મચારી પુરસ્કાર આપવામાં આવ્યા હતા તેમજ ૨ શ્રેષ્ઠ વિભાગોને તેમની કાર્યક્ષમતા બદલ સન્માનિત કરવામાં આવ્યા હતા. સંશોધન ક્ષેત્રે ઉત્કૃષ્ટ કામગીરી બદલ ૫ શ્રેષ્ઠ પીએચ.ડી. પુરસ્કારો સંશોધન માર્ગદર્શકો અને સંશોધક વિદ્યાર્થીઓને સંયુક્ત રીતે પ્રદાન કરવામાં આવ્યા હતા.

જીટીયુના રજિસ્ટ્રાર ડૉ. કે.એન. ખેરે સ્વાગત પ્રવચન કરતા સૌને આવકાર્યા હતા. કાર્યક્રમમાં જીટીયુના ભૂતપૂર્વ કુલપતિ પ્રો. (ડૉ.) નવીન શેઠે માર્ગદર્શક ઉદ્બોધન આપ્યું હતું. કાર્યક્રમમાં વિદ્યાર્થીઓએ વિવિધ સાંસ્કૃતિક કૃતિઓ રજૂ કરી હતી.

જીટીયુના ૧૯મા સ્થાપના દિવસ કાર્યક્રમમાં રત્નમણિ મેટલ્સ એન્ડ ટ્યુબ્સ લિમિટેડના જોઈન્ટ મેનેજિંગ ડિરેક્ટર શ્રી જયંતિ સંઘવી, રાજ્યભરના શિક્ષણવિદો, ઉદ્યોગજગતના અગ્રણીઓ, વિવિધ વિદ્યાશાખાઓના વડાઓ, સંશોધકો, પ્રાધ્યાપકો, વિદ્યાર્થીઓ તથા કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# વિશ્વ ડેન્ગ્યુ દિવસ અંતર્ગત માંડલના પ્રાથમિક આરોગ્ય ટ્રેંન્ટ ખાતે રેલી યોજાઈ

**ટ્રેંન્ટ આરોગ્ય વિભાગ દ્વારા મચ્છરજન્ય રોગોથી બચવા અને સાવચેતી રાખવા ગ્રામજનોને અપીલ**





૧૬ મે, વિશ્વ ડેન્ગ્યુ દિવસ અંતર્ગત માંડલના પ્રાથમિક આરોગ્ય ટ્રેંન્ટ ખાતે રેલી યોજાઈ, જેમાં, આરોગ્ય વિભાગના તમામ કર્મચારીઓ, આશા વર્કર્સ અને સ્થાનિક આગેવાનોએ જોડાઈને ડેન્ગ્યુ થી ફેલાનાર બીમારીઓ અને તેના નિવારક ઉપાયો થી ગ્રામજનોને જાગૃત કર્યા હતા. રેલી દરમિયાન "મચ્છર મુક્ત ગુજરાત", "ડેન્ગ્યુથી બચો-સાવચેતી રાખો" જેવા વિવિધ લોકજાગૃતિના સૂત્રોચ્ચારો કરવામાં આવ્યા હતા. આ સાથે જ ગ્રામજનોને ડેન્ગ્યુના લક્ષણો, તેનાથી બચવાના ઉપાયો અને ઘરની આસપાસ પાણી ભરાઈ ન રહેવા દેવા બાબતે પત્રિકા વિતરણ કરી સમજણ આપવામાં આવી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે ડેન્ગ્યુનું મચ્છર ચોખ્ખા પાણીમાં જન્મે છે, તેથી અઠવાડિયામાં એકવાર ઘરના તમામ પાણીના પાત્રો સાફ કરી સુકવવા અને તથા સુતી વખતે મચ્છરદાનીનો ઉપયોગ કરવો એ ડેન્ગ્યુ સામેનાં રક્ષણ માટે શ્રેષ્ઠ ઉપાયો છે.

### લગ્નગાળા પહેલાં જ સોની બજાર ચિંતિત

# અમદાવાદમાં સોના-ચાંદી બજારમાં ખરીદી ૩૫% ઘટી

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

અમદાવાદની સોની બજારમાં છેલ્લાં કેટલાય સમયથી મંદીનો માહોલ છવાયેલો છે. બજારમાં પહેલાંથી જ મંદીનો માહોલ હતો, તેવામાં પ્રધાનમંત્રીની અપીલ બાદ સોના-ચાંદીની ખરીદીમાં વધુ ૩૦થી ૩૫ ટકા ઘટાડો થયો છે. જો આમને આમ સ્થિતિ રહી તો સોની વેપારી, કારીગરો તેમજ સ્ટાફ સહિત હજારો લોકોને ઘર ચલાવવામાં મુશ્કેલી વેઠવી પડશે.વડાપ્રધાને સોનું ન ખરીદવાની કરેલી અપીલની સીધી અસર અમદાવાદ અને રાજ્યની સોની બજાર પર પડી રહી છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, અમદાવાદની બજારમાં સોના-ચાંદીની ખરીદીમાં આશરે ૩૦થી ૩૫ ટકા ઘટાડો નોંધાયો છે. ખાસ કરીને પેન્ડન્ટ, બુટ્ટી, ચેઈન, વીંટી જેવા નાના ઘરેણાંની ખરીદી પર વધુ અસર પડી છે. સાથે જ ભાવમાં પણ ઉછાળો આવતાં ગ્રાહકો અસમંજસમાં મૂકાયા છે.સોનાના ભાવમાં સતત થઈ રહેલા ગગનચૂંબી વધારાના લીધે છેલ્લાં બે-ત્રણ વર્ષથી સોની બજારમાં મંદીનો માહોલ જોવા મળી રહ્યો છે. આ મોંઘવારીના કારણે સામાન્ય લોકોની સોનાની ખરીદશક્તિમાં નોંધપાત્ર ઘટાડો થયો છે. હાલ પરિસ્થિતિ એવી છે કે મોટાભાગના ગ્રાહકો સોનાના ભાવ અને બજારની સ્થિતિમાં સ્થિરતા આવવાની રાહ જોઈ રહ્યા છે. જે લોકો અત્યારે ખરીદી કરવા આવી પણ રહ્યા છે, તેમાંથી મોટાભાગના ગ્રાહકો નવું નાણું રોકવાને બદલે પોતાનું જૂનું સોનું આપીને નવું સોનું ખરીદવાનું પસંદ કરે છે. બજારમાં નવી રોકડ ફરવાના બદલે આ પ્રકારે માત્ર એક્સચેન્જ પ્રક્રિયા જ વધુ ચાલી રહી છે.

સામાન્ય રીતે નવેમ્બર અને ડિસેમ્બર મહિનામાં યોજાનારા લગ્નો માટે મે મહિનાના છેલ્લા અઠવાડિયાથી અથવા જૂન મહિનાની શરૂઆતથી જ લગ્નસરાના દાગીનાની ખરીદી શરૂ થઈ જતી હોય છે. પરંતુ આ વર્ષે બજારની વર્તમાન નબળી સ્થિતિને જોતા સોની વેપારીઓ ભારે ચિંતામાં મુકાયા છે. આગામી સમયમાં લગ્નસરાની આ ખરીદી ઘટશે કે સામાન્ય રહેશે, તે અંગે અત્યારથી જ સોની બજારમાં ભારે અસમંજસ અને ચિંતાનો માહોલ વ્યાપી ગયો છે.

# ગુજરાત કેન્સર ઈન્સ્ટિટ્યૂટમાં બ્રેઈન ટ્યુમરના ૫ વર્ષમાં ૧૩૨૭ કેસ નોંધાયા

(સંપૂર્ણ સમાચાર સેવા)અમદાવાદ

બદલાતી જીવનશૈલી અને પર્યાવરણીય પરિબળો વચ્ચે ગંભીર બીમારીઓનું પ્રમાણ વધી રહ્યું છે, જેમાં 'બ્રેઈન ટ્યુમર' અત્યંત સંવેદનશીલ અને ચિંતાજનક રોગ તરીકે ઉભરી આવ્યો છે. મગજમાં થતી અસામાન્ય કોષોની અનિયંત્રિત વૃદ્ધિ કે ગાંઠને બ્રેઈન ટ્યુમર કહેવામાં આવે છે. જો કે, તબીબી વિજ્ઞાનના અદ્યતન સંશોધનો અને અત્યાધુનિક સારવાર પદ્ધતિઓના કારણે હવે બ્રેઈન ટ્યુમર અસાધ્ય રહ્યો નથી. સમયસરની જાગૃતિ અને યોગ્ય સારવાર દ્વારા આ રોગ સામે વિજય મેળવી શકાય છે. ધી ગુજરાતકેન્સર એન્ડ રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટમાં બ્રેઈન ટ્યુમરના પાંચ વર્ષમાં 1327 કેસો નોંધાયા છે. જ્યારે વિશ્વમાં દર વર્ષે 3 લાખથી વધુ અને ભારતમાં 32 હજારથી વધુ નવા કેસ નોંધાઈ રહ્યાં છે. બ્રેઈન ટ્યુમર સામે GCRIએ 'વર્લ્ડ ક્લાસ' જંગ છેડ્યો છે. વહેલું નિદાન એ જ જીવન બચાવવાની ચાવી હોવાનું જણાય છે. બ્રેઈન ટ્યુમર મુખ્યત્વે બે પ્રકારના હોય છે જેમાં સૌમ્ય અને જીવલેણ . તે તમામ ઉંમરની વ્યક્તિઓને અસર કરી શકે છે. આ કેન્સરના મુખ્ય કારણો જીનેટિક મ્યુટેશન અને વારસાગત કૌટુંબિક ઈતિહાસ, હાઈ-ડોઝ રેડિયેશનનું એક્સપોઝર અને નબળી રોગપ્રતિકારક શક્તિ, ઔદ્યોગિક રસાયણો અને અમુક વિશિષ્ટ વાયરલ ઈન્ફેક્શન છે. અમદાવાદ સ્થિત 'ધી ગુજરાત કેન્સર એન્ડ રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટ' (GCRI) ખાતે બ્રેઈન ટ્યુમર અને જટિલ ન્યુરોવાસ્ક્યુલર રોગોની સારવાર માટે વિશ્વસ્તરીય અને અત્યાધુનિક સુવિધાઓ એક જ છત નીચે ઉપલબ્ધ કરાવવામાં આવી છે. GCRIના જણાવ્યા અનુસાર, "અમારો ધ્યેય કેન્સરના દર્દીઓને એક જ છત નીચે વૈશ્વિક સ્તરનું ચોક્કસ નિદાન અને સંપૂર્ણ સારવાર પૂરી પાડવાનો છે, જેથી દર્દીઓએ અન્ય કોઈ જગ્યાએ બીજે ક્યાં એ જવું ન પડે." GCRI ઈન્ટ્રાઓપરેટિવ ઈમેજિંગ ટેક્નોલોજી દ્વારા વધુ સુરક્ષિત અને ચોકસાઈભરી સારવાર આપે છે, જેમાં સામેલ છે ટ્રેક્ટોગ્રાફી, એકઝોસ્કોપ, નેવિગેશન સિસ્ટમ, પોર્ટેબલ સીટી સ્કેન, CUSA, અદ્યતન ડિજિટલ માઈક્રોસ્કોપ અને આધુનિક લિનિયર એક્સિલરેટર છે. CyberKnife અને અદ્યતન સુવિધાઓ દ્વારા ખાસ કરીને મગજના સંવેદનશીલ ભાગોમાં આવેલી જટિલ સ્થિતિઓ જેવી કે, નાનાથી મધ્યમ તેમજ મગજમાં ઊંડે આવેલા AVM , Eloquent Region AVM (બોલવા કે ચાલવા સાથે સંબંધિત મગજનો ભાગ), Cavernous Hemangioma (સ્ટ્રોબેરી જેવી દેખાતી લોહીની નળીઓની ગાંઠ) અને Hemangioblastoma ની સફળ સારવાર કરવામાં આવે છે. બ્રેઈન ટ્યુમર ચોક્કસપણે ગંભીર છે, પરંતુ તે અજેય નથી. જો લક્ષણો વહેલા ઓળખાય અને વિલંબ કર્યા વગર નિષ્ણાતોની સલાહ લેવાય, તો આધુનિક ટેકનોલોજીના સહારે કિંમતી જીવન ચોક્કસપણે બચાવી શકાય છે. 'વહેલું નિદાન એ જ શ્રેષ્ઠ બચાવ છે'.

# શીતળાધાર પાસે ૫ શખ્સોનો ૩ યુવકો પર જીવલેણ હુમલો

(સંપૂર્ણ સમાચાર સેવા)રાજકોટ

રાજકોટ શહેરમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિને પડકારતા અસામાજિક તત્વો વધુ એક વખત બેફામ બન્યા છે. રાજકોટના આજીડેમ પોલીસ મથકની હદમાં આવેલા કોઠારીયા સોલવંટ પાસે શીતળાધાર વિસ્તારમાં લોહીયાળ મારામારીની ઘટના સામે આવી છે. અહીં સામાન્ય બાબતમાં તકરાર થયા બાદ પાંચ જેટલા માથાભારે શખ્સોએ એકસંપ થઈને ત્રણ નિર્દોષ યુવકો પર અચાનક જીવલેણ હુમલો કરી દીધો હતો. ધોળા દિવસે બનેલી આ હિંસક ઘટનાને પગલે સમગ્ર વિસ્તારના રહીશોમાં ભારે ફફડાટ અને ચકચાર મચી ગઈ છે.આ સશસ્ત્ર હુમલામાં ત્રણેય યુવકોને શરીરે નાની-મોટી ગંભીર ઈજાઓ પહોંચી હતી. લોહીલુહાણ હાલતમાં ત્રણેય ઈજાગ્રસ્તોને સ્થાનિક લોકો અને પરિવારજનો દ્વારા તાત્કાલિક સારવાર અર્થે નજીકની ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે, જ્યાં હાલ તેમની સારવાર ચાલી રહી છે. હુમલાખોરો ગુનો આચરીને ઘટનાસ્થળેથી નાસી છૂટવામાં સફળ રહ્યા હતા.